નમન,

'લીલું' સિગ્નલ જોયા પછી ય આગળ ન વધનારો તો જ્યાં હોય છે ત્યાં જ રહી જાય છે પરંતુ 'લાલ' સિગ્નલ જોયા પછી ય આગળ વધનારો તો ખોવાઈ જ જાય છે.

સારું કરી લેવાની તક મળ્યા પછી ય સારું ન કરનારો જે નુકસાનીમાં ઊતરી જાય છે એના કરતા ય ખરાબ ન કરવાની પ્રભુની આજ્ઞા જાણ્યા પછી ય જે ખરાબ કરી બેસે છે એ તો સંસારમાં ક્યાં ખોવાઈ જાય છે એની તો કલ્પના પણ થઈ શકે તેમ નથી.

એક કામ કરીશ તું ?

આ ઉત્તમ જીવનમાં શું શું કરવા જેવું છે એની જાણકારી મેળવતા પહેલા શું શું કરવા જેવું નથી, એની જાણકારી ખાસ મેળવી લે અને એ જાણકારીને અમલી બનાવવા તારી તમામ તાકાત કામે લગાડી દે. સંખ્યાબંધ હોનારતોથી તું બચી જઈશ.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



દર્શન,

ખરજવાના દર્દીને નખ તીક્ષ્ણ મળે એનું થાય શું ? જેના પણ મનમાં વિષયવાસનાના સાપોલિયા આંટા લગાવ્યા જ કરતા હોય એને રૂપ સરસ મળે, કંઠ કોકિલ મળે, શરીર તંદુરસ્ત મળે, સંપત્તિ વિપુલ મળે, વ્યક્તિત્વ આકર્ષક મળે, એનું થાય શું ?

લખી રાખજે તારા દિલની દીવાલ પર કે પાત્રતા વિનાનું પુણ્ય આત્મા માટે એકાંતે નુકસાનકારી જ બન્યું રહે છે. શું કહું તને ? અપાત્રતા સાથેના સુખ કરતા ય પાત્રતા સાથેનું દુઃખ લાખ દરજ્જે સારું છે. ક્ષેત્ર ચાહે સંસારનું છે કે પછી અધ્યાત્મનું છે. સર્વત્ર બોલબાલા પાત્રતાની જ છે. પાત્રતા સુખના સમયમાં આપણને શેતાન બનવા દેતી નથી તો દુઃખના સમયમાં સંક્લેશના શિકાર બનવા દેતી નથી. પાત્રતા વિકસિત કરવા પ્રયત્નશીલ બનીશ ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



પાવન,

શ્રીમંત બનવાનો એક રસ્તો છે, આવક વધારતા જ રહેવું. જ્યારે શ્રીમંત બન્યા રહેવાનો એક રસ્તો છે, ખર્ચ ઘટાડતા જ રહેવું. તને એટલું જ કહીશ કે આવક વધારવાના રસ્તે શ્રીમંત બની જવાનો રસ્તો છેક સ્મશાને જઈને જ અટકે છે. કારણકે આવક વધારતા રહેવાનો એક જ અર્થ છે, અસંતુષ્ટ બન્યા રહેવું. જીવન મર્યાદિત છે, લોભ અમર્યાદિત છે. નાનકડી ફૂટપટ્ટીથી વિરાટ આકાશ જો માપી શકાય તો સીમિત જીવનથી તળિયા વિનાનું લોભનું ખપ્પર પૂરી શકાય !

તું તારી જાતને બુદ્ધિમાન માને છે ને ? આવક વધારતા રહેવામાં સફળ બનવાનું જે તારા હાથમાં જ નથી એ રસ્તે આગળ વધતા રહેવાને બદલે ખર્ચ ઘટાડતા રહેવાનું જે તારા હાથમાં જ છે એ રસ્તો અપનાવી લે. ક્લેશ અને સંક્લેશ, બંને ઘટવા લાગશે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સાવન,

જીવનમાં નાના ન બન્યા રહેવું હોય તો એક કામ ખાસ કરજે. તુચ્છ વાતોને ક્યારેય મોટી ન બનવા દેતો.

તેં સત્કાર્ય કર્યું છે પણ કોઈએ એની નોંધ પણ નથી લીધી તેં ભૂલ કરી જ નથી છતાં સામાએ તને આરોપીના પિંજરામાં ઊભો કરી દીધો છે. રિક્ષાવાળાએ તારી પાસેથી ભાડા કરતાં વધુ રકમ વસૂલ કરી દીધી છે. મચ્છરોએ તારી રાતની ઊંઘ બગાડી દીધી છે. આખા દિવસમાં આજે એક પણ રૂપિયાની બોણી નથી થઈ. તારા મિત્રે તારી ભરપેટ નિંદા કરી દીધી છે.

આ અને આના જેવા અન્ય પ્રસંગો 'તુચ્છ'ની કક્ષામાં આવે છે. એ તમામને મોટા બનાવતા રહીને તું તારી જાતને નાની ન બનાવી દેતો. રાજધાની એક્સપ્રેસ નાનાં સ્ટેશનો પર નથી જ ઊભી રહેતી, અબજપતિ માણસ પાંચ-દશ રૂપિયાનો હિસાબ નથી જ રાખતો એ તારા ખ્યાલમાં જ હશે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

અર્ઘ,

એક ગ્લાસ દૂધને ગળ્યું બનાવવા એમાં એકાદ-બે નહીં પણ આઠ-દશ ચમચી સાકર નાખવી પડે છે જ્યારે દૂધને ફાડી નાખવા તો લીંબુના બે-પાંચ ટીપાં પણ પર્યાપ્ત છે.

આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે **જીવનના દૂધને સ્વાદિષ્ટ બનાવી દેવા સંખ્યાબંધ સત્કાર્યોનાં સેવન તમારે કરવા પડશે પણ એકાદ-બે દુષ્કાર્યોનાં સેવન પણ તમારા જીવનના દૂધને ફાડી નાખવાની રાક્ષસી તાકાત ધરાવે છે**

આનો અર્થ? આ જ કે સત્પુરુષાર્થ કરતા રહીને અટક્યા વિના આપણે સત્કાર્યો સેવતા રહેવાના છે અને અજાણતાય દુષ્કાર્યના કુંડાળામાં આપણો પગ ન પડી જાય એ અંગે આપણે જબરદસ્ત સાવધગીરી દાખવતા રહેવાનું છે. જીવનના દૂધને સુરક્ષિત રાખી દેવાનો એના સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી.

દ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સિદ્ધાર્થ,

ફુગ્ગો તેં જોયો તો છે ને? એને જો હવામાં તરવું છે તો પોતાનામાં ભરાયેલ હવા જ એને કામ લાગે છે, પોતાના રૂપ કે રંગ નહીં. ફુગ્ગો એક વાર ભલે ને કાળો રંગ લઈને બેઠો છે પણ જો એનામાં હવા છે તો આસાનીથી એ હવામાં તરી શકે છે અને એનામાં જો હવા જ નથી તો ભલે ને એ આકર્ષક એવા લાલ-લીલા કે પીળા રંગનો છે, એ હવામાં નથી જ તરી શકતો.

એટલું જ કહીશ તને કે **સંયોગો ભલે ને વિપરીત હશે, તારા પોતાનામાં જો સત્ત્વ-સમજ અને સદ્ગુણો હશે તો દુઃખના સમયમાં ય તું પ્રસન્નતા ટકાવી શકીશ અને ભલે ને સંયોગો તને બધા જ અનુકૂળ મળ્યા હશે પરંતુ સત્ત્વ-સમજ અને સદ્ગુણક્ષેત્રે તું જો દેવાળિયો જ હોઈશ તો તારું ચિત્ત સતત વિષાદથી ગ્રસ્ત જ રહેશે.** ચિંતા જો કરે તું તો 'હવા'ની કરજે, 'રંગો'ની નહીં.

દ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



કેતન,

જગતમાં કે દેશમાં, સોસાયટીમાં, સમાજમાં કે સંસ્થામાં, જ્યાં ક્યાંય પણ ખરાબ થતું હોય એના વિરોધમાં ઊભા રહી જવાનું સત્ત્વ આપણામાં કદાચ ન પણ હોય પરંતુ જ્યાં ક્યાંય પણ સારું થતું હોય એના વિરોધમાં ઊભા થઈ જવાની દુર્બુદ્ધિ તો આપણામાં ન જ હોવી જોઈએ.

શું કહું તને?

દુષ્કાળના સમયમાં માણસ ગટરમાં પડેલ ભાતના દાણાઓ ખાઈને પણ જીવન બચાવી લેવા તૈયાર થઈ જતો હોય છે તો આ તો કળિયુગ છે. **સત્કાર્યોના દુષ્કાળનો આ યુગ છે. જ્યાં ક્યાંય પણ સારું થતું હોય, એની ખુલ્લા દિલે પ્રશંસા કરવા તારું મન તૈયાર ન પણ થતું હોય તોય એના વિરોધમાં ઊભા થઈ જવાની નિર્લજ્જતા તો તું ક્યારેય દાખવીશ નહીં** ભાતના દાણા ગટરમાં પડ્યા છે એમ કહીને એની વગોવણી જ કર્યા કરીશ તો દુષ્કાળમાં જીવન શી ટકાવી શકાશે?

દ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મનીષ,

હોજરી ભલે ને ગમે તેટલી મજબૂત છે, ઝેર જો ન જ ખવાય તો મન ભલે ને ગમે તેટલું મજબૂત છે, પાપનિમિત્તોનું સેવન ન જ કરાય.

પાણી ચાહે ગંગાનું છે કે જમનાનું છે, સાબરનું છે કે ઝરણાનું છે, એને જો સીધેસીધા વહેતા રહેવું છે તો ઢાળ પાસે આવવાની હિંમત કરવા જેવી નથી જ. બસ, એ જ ન્યાયે જીવન ભલે સંસારીનું છે કે સંન્યાસીનું છે, મન ભલે સાધકનું છે કે તપસ્વીનું છે, પ્રવચનકારનું છે કે લેખકનું છે, જો એ અપવિત્રતાથી જાતને બચાવી લેવા માગે છે તો એણે પાપનિમિત્તોના સેવન કરતા રહેવાની બેવકૂફી કોઈ પણ સંયોગમાં કરવા જેવી નથી.

**ઢાળ પાણીને નીચે ઉતારી જ દે છે. પાપનિમિત્તો મનને અને જીવનને અપવિત્રતાની ગર્તામાં ધકેલીને જ રહે છે.**

સાવધાન!

દ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

કલ્પેશ,
વરસાદ મામૂલી પડે છે અને ઘાસ ઊગવા લાગે છે. વરસાદ ધોધમાર પડે છે તો ય પુષ્પને ખીલતા સમય લાગે જ છે. ઘાસ જલદી ઊગવા છતાં અને પુષ્પ ધીમે ખીલવા છતાં ઘાસની કિંમત વધી હોય કે પુષ્પની કિંમત ઘટી હોય એવું આજ સુધી તો ક્યારેય બન્યું નથી અને ભવિષ્યમાં ક્યારેય બનવાનું ય નથી.

**સ્ત્રીદર્શન થયું નથી અને વાસના જાગી નથી. પ્રભુના દર્શન અનેકવાર કર્યા પછી જ ઉપાસનાનો ભાવ જાગે છે.** સંપત્તિની તક દેખાઈ નથી અને લોભ જાગ્યો નથી. પ્રવચનો અનેકવાર સાંભળ્યા પછી જ સંતોષનો ભાવ જાગે છે. ટૂંકમાં, દોષ ઘાસ જેવો છે, મનમાં એ જલદી ઊગી જાય છે. સદ્‌ગુણ પુષ્પ જેવો છે, હૃદયમાં સ્થિર થતાં એને વાર લાગે છે છતાં દોષની કિંમત ક્યારેય વધી નથી, વધવાની નથી. સદ્‌ગુણની કિંમત ક્યારેય ઘટી નથી, ઘટવાની નથી.

હિ... રત્નસુંદરસૂરિના
ધર્મલાભ







અર્પિતા,
મધ્યાહ્નકાળના સૂર્ય સામે જોઈ શકતી આંખ જ્યારે પોતાના કરતાં અધિક સુખીના સુખને જોઈ શકતી નથી ત્યારે પળભર વિચારમાં પડી જવાય છે કે આમ કેમ બનતું હશે? સૂર્યના પ્રત્યેક તેજને જીરવી જતી આંખ, સુખીના સુખને જો જીરવી શકતી નથી તો એ દોષ આંખનો નથી પરંતુ મનનો છે. મન પોતાની આજુબાજુ પોતાના કરતાં અધિક દુઃખીઓ જોઈને વ્યથિત થઈ જવા તૈયાર છે પણ [illegible] અધિક સુખીઓ જોઈને તો એ જાણે કે [illegible] જાય છે. ઈર્ષ્યાની આ જ્વાળામાં [illegible] બને [illegible], **આપણાં પોતાના દુઃખનો ઇલાજ તો ઉપલબ્ધ છે પરંતુ અન્યનું સુખ એ જો આપણું દુઃખ બની ગયું છે તો એનો કોઈ જ ઇલાજ નથી.**

હિ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ





ધર્મેન્દ્ર,
લાત મારવામાં જેટલો શ્રમ પડે છે એના કરતાં ઓછો શ્રમ પીઠ થાબડવામાં પડે છે અને પાછું પરિણામ વધુ સારું આવે છે. આ વાસ્તવિકતાની આપણને જાણકારી તો છે જ પરંતુ અનેક વખતનો આપણો આ અનુભવ પણ છે જ અને છતાં કોણ જાણે કેમ, **આપણી આંતરપ્રીતિ ક્ષમા સાથે એટલી નથી, જેટલી ક્રોધ સાથે છે. સરળતાની આપણા હૃદયમાં એટલી પ્રતિષ્ઠા નથી જેટલી પ્રતિષ્ઠા કુટિલતાની છે. આપણી શ્રદ્ધા સમર્પણ પર એટલી નથી, જેટલી આક્રમણ પર છે. આપણો ઝોક પ્રેમ પર એટલો નથી જેટલો વેર પર છે.**

આ વિસંવાદને ખતમ કરી નાખવા આપણે કટિબદ્ધ બની જવા જેવું જ છે કારણ કે લાત મારવાના પ્રયાસો આખરે તો આપણને જ થકવી નાખવાના છે. દુર્ભાવો આખરે તો આપણા આત્માને જ દુર્ગતિમાં ધકેલી દેવાના છે.

હિ.. રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



પ્રેમ,
જીવનમાં કેટલાક પ્રસંગો એવા આવતા હોય છે કે જે આપણા પુરુષાર્થ સામે ઝૂકવા તૈયાર થતા જ નથી. મહેનત સખત કરીએ છીએ પણ ઉઘરાણી પતતી જ નથી. દવા બરાબર લઈએ છીએ પણ રોગ દૂર થવાનું નામ લેતો જ નથી. ક્ષમા વારંવાર માગીએ છીએ પણ દુશ્મન ક્ષમા આપવા તૈયાર થતો જ નથી. બજારમાં સવારથી સાંજ સુધી દોડતા રહીએ છીએ પણ કમાણી પાઈની ય થતી નથી. આવા સમયે કરવું શું ?

એક જ કામ કરવું. **સંયોગો ન જ સુધરે ત્યારે આપણે સુધરી જવું. સંયોગો ન જ બદલી શકાય ત્યારે આપણાં મનને આપણે બદલી દેવું.** સંયોગો ન જ ફરી શકે ત્યારે સંયોગો પ્રત્યેના આપણાં વલણને ફેરવી નાખવું. સમાધિ ટકાવી રાખવા અને મનની પ્રસન્નતાને સ્થિર રાખવા આના સિવાય શ્રેષ્ઠતમ વિકલ્પ બીજો કોઈ જ નથી.

હિ..
રત્નસુંદરસૂરિના ધર્મલાભ

સ્નેહ,

દુઃખમાં સહુની મદદ માગવા તૈયાર થઈ જતું મન, સુખમાં અન્યની મદદ કરવા તૈયાર કેમ થઈ જતું નથી? આ પ્રશ્ન જાતને સતત પૂછતા રહેવાની જરૂર છે. જો આપણાં ખુદના મનની આ જ સ્થિતિ હોય તો સમજી લેવું કે આપણું ભાવિ ઉજ્જવળ નથી. કારણ કે કર્મસત્તા એનાં જ ભાવિને સુરક્ષિત રાખે છે કે જે સુખમાં અન્યને ભાગ રાખતો રહે છે.

શું કહું?

'અન્યના દુઃખમાં તું ભાગીદાર બનતો રહે અને તારા સુખમાં તું અન્યને ભાગીદાર બનાવતો રહે' આ છે પ્રભુની આજ્ઞા. આ પાવન આજ્ઞાને અમલી બનાવવા આપણે આ જીવનમાં જ જો કટિબદ્ધ નહીં બનીએ તો પછી બનશું ક્યારે?

યાદ રાખજો, નરકગતિમાં રહેલા નારકોના દુઃખમાં આપણે ભાગ પડાવી શકવાના નથી. આપણા સુખમાં દેવગતિના દેવતાઓ ભાગીદાર બનવા તૈયાર થવાના નથી. કરશું શું?

હ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



પૂજન,

મોટું પણ પાપ, આપણી કુશળતાથી આપણે એને નાનું બનાવી શકીએ છીએ તો મોટો પણ ધર્મ, આપણી અક્કલહીનતાથી આપણે એને નાનો બનાવી દઈએ છીએ. 'શી રીતે?' એમ જો તું પૂછતો હોય તો આ રહ્યો એનો જવાબ.

જે પાપમાં આપણું મન જોડાતું નથી એ પાપ ગમે તેટલું મોટું ભલે દેખાતું હોય, નાનું બની જાય છે. બસ, એ જ રીતે જે ધર્મમાં આપણું મન જોડાતું નથી એ ધર્મ ગમે તેટલો મોટો ભલે દેખાતો હોય, નાનો બની જાય છે.

પણ સબૂર!

પાપ ભલે નાનું છે, મનનો રસ જો એમાં ભળી જાય છે તો એ વિકરાળ બની જાય છે. ધર્મ ભલે મામૂલી છે, મન એના સેવનમાં જો પાગલ બની જાય છે તો એ વરદાન બની જાય છે. એક જ કામ કરીએ. પાપમાં મન ભેળવીએ નહીં. ધર્મમાં મન ભેળવ્યા વિના રહીએ નહીં. કામ થઈ જશે.

હ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મયંક,

તરસ સખત લાગી છે, ગળું સુકાય છે. ક્યાંય ચેન પડતું નથી પણ પાણીનો એક જ ગ્લાસ મળી જાય છે અને તૃષાની સમસ્યાનો અંત આવી જાય છે. પણ સબૂર!

તૃષા તો પાણી જ માગે છે પણ તૃષ્ણા? એ સ્ત્રી પણ માગે છે તો સત્તા પણ માગે છે, સંપત્તિ પણ માગે છે તો સામગ્રી પણ માગે છે, ખ્યાતિ પણ માગે છે અને પ્રસિદ્ધિ પણ માગે છે. અને દુઃખદ આશ્ચર્ય એ છે કે એ બધું પણ એને અમર્યાદ જોઈએ છે. જીવન ટૂંકું, પુરુષાર્થ ટૂંકો, પુણ્ય ટૂંકું અને તૃષ્ણા અસીમ! ન ક્યારેય એ શાંત થાય અને ન એને શાંત કરવાના પ્રયાસોમાં શાંતિ અનુભવાય.

શું કહું? લાકડાથી આગ શાંત થાય અને આગમાં લાકડા નાખ્યે જનારને જો ઠંડક અનુભવાય તો પદાર્થોના ખડકલાથી તૃષ્ણા શાંત થાય અને એના પ્રયાસમાં લાગ્યા રહેનારને શાંતિ અનુભવાય! સાવધાન!

હ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વિવેક,

ભૂલ કર્યા પછી બે જ મિનિટમાં પશ્ચાત્તાપ કરવા દ્વારા કેવળજ્ઞાન પામી શકાય છે પરંતુ ભૂલોનો જો બચાવ જ કરતા રહીએ તો તો બે અબજ ભવ પછીય ઠેકાણું પડે તેમ નથી.

આપણાં જીવનની એક ગજબનાક કરુણતા એ છે કે ભૂલ કરવામાં આપણને અહં નડતો નથી પરંતુ થઈ ગયેલ ભૂલની કબૂલાત કરવામાં અહં નડે છે. 'હું ભૂલ કરું જ નહીં' એમ નહીં પણ 'હું ભૂલ કબૂલ તો કરું જ નહીં' આ દુષ્ટ વૃત્તિએ એક જ કામ કર્યું છે, ભૂલને સુરક્ષિત રાખી દેવાનું!

ધરતીમાં ધરબાઈ જતું બીજ જેમ સુરક્ષિત રહી જાય છે તેમ મનની ભૂમિમાં ધરબાઈ જતી ભૂલ સુરક્ષિત રહી જ જતી હોય તો એમાં કોઈ નવાઈ નથી. બીજ ખુગર થઈ જાય છે, વિકસિત થવાની શક્યતા ગુમાવી દે છે. ભૂલ સ્વીકૃત થઈ જાય છે, ભૂલની પરંપરા આગળ વધતી અટકી જાય છે.

હ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

ભૂપેશ,

આકર્ષક ગાડી નજરે ચડે કે ચળકાટમારતું ઝવેરાત નજરે ચડે, સોનાના પટ્ટાવાળી ઘડિયાળ નજરે ચડે કે મનને હરી લેતો મોબાઈલ નજરે ચડે. પહેલો પ્રશ્ન મનમાં આ જ ઊઠે કે 'એ કેટલામાં આવ્યું?'

પ્રભુ આપણને એક જ પ્રશ્ન પૂછે છે, 'તારા હાથમાં અત્યારે જે માનવજીવન છે એ કેટલામાં આવ્યું છે, એની તને કોઈ ખબર છે ખરી?

આ પ્રશ્નનો સાચો જવાબ આપનાર કોઈ કેવળજ્ઞાની ભગવંત અત્યારે આપણને જો મળી જાય તો એમનો જે જવાબ આપણને સાંભળવા મળે એ સાંભળ્યા પછી વેડફી નાખેલા જીવનના વરસો બદલ આપણી આંખમાંથી લોહીના આંસુ પડી ગયા વિના ન રહે! સાવધ બનીને જીવનનો બચેલો શેષ સમય સુધારી લેવા આપણે તૈયાર ખરા?

ઇ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મિલન,

આત્માને પરમાત્મા બનાવી દેવાની વાત જે ધર્મ કરી રહ્યો છે એ ધર્મે વિજ્ઞાનને બહુ મહત્ત્વ એટલા માટે નથી આપ્યું કે વિજ્ઞાને માણસને પશુ બનાવી દેવાનું જાણે કે અભિયાન આદરી દીધું છે. કદાચ કહેવું હોય તો એમ પણ કહી શકાય કે માત્ર પશુતા તરફ ધકેલી દઈને વિજ્ઞાન અટકી જવા માગતું નથી. એ તો માણસમાં પડેલી રાક્ષસી વૃત્તિને બહાર લાવી દેવા માગે છે.

એમ કહેવાય છે કે આ જગતમાં અત્યારે શાંતિનું જે વાતાવરણ દેખાય છે એનો યશ ન્યૂક્લીયર બૉમ્બની શોધને ફાળે જાય છે! અર્થ આનો? માણસ વીણા એટલા માટે વગાડી રહ્યો છે કે એની સામે એક માણસ નાગી તલવાર લઈને ઊભો રહી ગયો છે! તલવારના ભયે જે માણસની આંગળી વીણાનાં તાર પર ફરી રહી હોય એ વીણામાંથી અવાજ નીકળે, સંગીત નહીં. એ સમજાશે ખરું?

ઇ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સમકિત,

બહાદુરી બતાડવાના પ્રસંગો જીવનમાં આવે પણ છે તોય કેટલા? બહુ થોડા! જ્યારે કાયરતા ન દેખાડવાના પ્રસંગો તો જીવનમાં સંખ્યાબંધ અને ઢગલાબંધ આવતા રહે છે. આનો તાત્પર્યાર્થ?

આ જ કે ધર્મસેવનની તકોને ઝડપી લેવાના પ્રસંગો જીવનમાં એટલા નથી આવતા કે જેટલા પ્રસંગો પાપના પ્રલોભનો સામે ન ઝૂકી જવાના આવે છે. તપ કરવાની વાત ક્વચિત જ આવશે, હોટલમાં ન જવાની વાત ડગલે ને પગલે આવ્યા કરશે. પ્રભુદર્શનના પ્રસંગો ક્વચિત જ આવશે. વિજાતીય દર્શન વખતે આંખની પાંપણોને નીચે ઢાળી દેવાની વાત સતત આવ્યા કરશે.

જવાબ આપજે. બહાદુરી દેખાડવાના પ્રસંગોમાં સફળતા હાંસલ કરી દેવી તારે મન રમત વાત છે કે કાયરતા ન દેખાડવાના પ્રસંગોમાં તું શીઘ્ર સફળતા હાંસલ કરી શકે છે?

ઇ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



જ્ઞાન,

પસંદગી ભલે વસ્તુની કરે કે વ્યક્તિની કરે, વિચારની કરે કે આચારની કરે, મનને પૂછી લેજે. એના પરિણામ માટે એ તૈયાર તો ખરું ને? કારણ કે પરિણામ પસંદગીના આધારે જ આવવાનું છે.

ઉકરડા તરફ કદમ માંડવાનું તેં જો નક્કી કરી જ દીધું છે તો દુર્ગંધના અનુભવ માટે તારે તૈયાર રહેવું જ પડે એ સમજાઈ જાય તેવી જ વાત છે ને? વાસનાના વિચારોમાં જ મનને વ્યસ્ત રાખવાનું જો તેં નક્કી કરી જ દીધું છે તો મન વિષાદગ્રસ્ત બન્યું જ રહેવાનું છે એ શંકા વિનાની જ વાત છે ને? તું દુર્જન સાથે જ દોસ્તી જમાવી દેવાનો જો દૃઢ નિર્ધાર કરી જ બેઠો છે તો દુર્જનની દુર્જનતાના છાંટા તને ઊડવાના જ છે એમાં શંકા રાખવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે?

ટૂંકમાં, પસંદગી સમજીને કરજે, પરિણામ એવું જ આવશે. પરિણામ સુંદર મેળવવું હોય તો પસંદગી સમ્યક્ની જ કરજે.

ઇ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

સાવન,

જીવનમાં નાના ન બન્યા રહેવું હોય તો એક કામ ખાસ કરજે. તુચ્છ વાતોને ક્યારેય મોટી ન બનવા દેતો.

તેં સત્કાર્ય કર્યું છે પણ કોઈએ એની નોંધ પણ નથી લીધી. તેં ભૂલ કરી જ નથી છતાં લોકોએ તને આરોપીના પિંજરામાં ઊભો કરી દીધો છે. રિક્ષાવાળાએ તારી પાસેથી ભાડા કરતાં વધુ રકમ વસૂલ કરી લીધી છે. મચ્છરોએ તારી રાતની ઊંઘ બગાડી દીધી છે. આખા દિવસમાં આજે એક પણ રૂપિયાની બોણી નથી થઈ. તારા મિત્રે તારી ભરપેટ નિંદા કરી નાખી છે.

આ અને આના જેવા અન્ય પ્રસંગો 'તુચ્છ'ની કક્ષામાં આવે છે. એ તમામને મોટા બનાવતા રહીને તું તારી જાતને નાની ન બનાવી દેતો. રાજધાની એક્સપ્રેસ નાનાં સ્ટેશનો પર નથી જ ઊભી રહેતી, અબજપતિ માણસ પાંચ-દસ રૂપિયાનો હિસાબ નથી જ રાખતો એ તારા ખ્યાલમાં જ હશે.

હા.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મિહિરેશ.

ગુલાબજાંબુમાં મને મિષ્ટાન્નના દર્શન ન પણ થતા હોય અને એના કારણે હું ગુલાબજાંબુ પ્રત્યે ન પણ આકર્ષાતો હોઉં તોય એટલા માત્રથી હું કોઈ મારા સ્વાસ્થ્યને નુકસાનીમાં ઉતારી દેતો નથી; પરંતુ વિષ્ટામાં મને જો ગુલાબજાંબુના દર્શન થવા લાગે છે અને એના કારણે હું જો વિષ્ટા આરોગવા લાગું છું તો એનાથી મારા સ્વાસ્થ્યને હું ચોક્કસ નુકસાનીમાં ઉતારી જ દઉં છું.

સંદેશ સ્પષ્ટ છે.

'સારા'માં મને 'સારાં'નાં દર્શન નથી થતા એમ ને? 'ખરાબ'માં તો મને 'સારા'ના દર્શન નથી થઈ રહ્યા ને?

ક્ષમા મને તાકાતપ્રદ નથી લાગતી પણ ક્રોધ તો તાકાતપ્રદ નથી લાગી ગયો ને? પુણ્ય મને નથી ગમતા પણ સ્ત્રી તો વધુ ગમવા નથી લાગી ને? સજ્જનને મેં મિત્ર નથી બનાવ્યો પણ દુર્જનને તો મેં મિત્રનું સ્થાન નથી આપી દીધું ને? સાવધાન!

હા. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



શૈલેષ,

જે યુવક સાથે કરેલ દોસ્તીએ તને શ્રીમંત ન બનવા દીધો હોય અને શ્રીમંતનો મિત્ર ન બનવા દીધો હોય એ યુવક સાથે હજી ય તું જો દોસ્તી ચાલુ રાખે છે તો એનો અર્થ એટલો જ છે કે જિંદગીભર તારું દરિદ્ર રહેવાનું નક્કી જ છે.

આપણી પાસે જે મન છે એણે એ જ કામ કર્યાં છે નથી એણે આપણને ભગવાન બનવા દીધા કે નથી એણે આપણને ભગવાનના ભક્ત બનવા દીધા. આમ છતાં હજી ય જો આપણે એ જ મનને આપણા જીવનનું માલિક બનાવીને બેઠા હોઈએ, મન જે સલાહો આપી રહ્યું છે એ જ સલાહોને આપણે જો અમલી બનાવી રહ્યા હોઈએ, ઉપકારીઓની આજ્ઞાઓને સ્વીકારતા પહેલાં એ જ મનના શરણે જો આપણે જઈ રહ્યા હોઈએ તો એનો અર્થ એટલો જ છે કે સંસારમાં ભટકતા રહેવાનું આપણું નક્કી જ છે.

હા..
રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



વિરાજ,

મનની એક ખાસિયત તારા ખ્યાલમાં છે? સ્વજીવનમાં થઈ ગયેલ ભૂલની કબૂલાત કરી લેવા એ ક્યારેક સામે ચડીને તૈયાર થઈ જતું હોય છે પરંતુ કોકના દ્વારા બતાડાતી ભૂલને સ્વીકારી લેવા અને સુધારી લેવા, કોણ જાણે કેમ એ આના-કાની કર્યા જ કરતું હોય છે.

કારણ આનું ખ્યાલમાં છે? કાબેલ વેપારી જેમ સતત નફાની તક જ શોધ્યા કરતો હોય છે તેમ ચાલાક મન કાયમ અહંપુષ્ટિની તક જ શોધ્યા કરતું હોય છે. ભૂલની કબૂલાત કરી લેવાથી અહં પુષ્ટ થાય તેમ છે? કરી લો. ભૂલનો સ્વીકાર કરી લેવાથી અહં તૂટે તેમ છે? બચાવ કરી લો.

શું કહું? અહંપુષ્ટિ એ મનના શરીરનો ખોરાક છે. એ ખોરાક જે પણ રસ્તે મળતો હોય એ રસ્તે કદમ માંડવા મન હરપળે તૈયાર છે. હા..

રત્નસુંદરસૂરિના
ધર્મલાભ

દિવ્યેશ,

ક્રોધ ભલે તેટલો આસમાને પહોંચી જાય છે, ગણતરીની પળોમાં જ ધરતી પર આવી જાય છે. માન શિખરની ભલે તેટલી ઊંચાઈને સ્પર્શી જાય છે, તળેટી પર આવી જતાં એને બહુ વાર નથી લાગતી. માયાનો ફૂંફાડો ભલે તેટલો જોરદાર હોય છે, એને શમી જતાં વાર નથી લાગતી; પરંતુ લોભ?

મનની એ એક એવી વૃત્તિ છે કે જેને ટોચ છે પણ તળિયું નથી, શિખર છે પણ તળેટી નથી, આસમાન છે પણ ધરતી નથી, ઊભરો છે પણ શમન નથી.

જે પણ આત્મા ગુલામ બની ગયો આ 'લોભ'નો, શિકાર બની ગયો આ 'અધિક'ની માનસિક વૃત્તિનો, એ આત્મા એવા અસાધ્ય રોગનો શિકાર બની ગયો કે જેને દૂર કરવામાં ધન્વંતરી વૈદ સમાન પ્રભુ પણ બની જવાના નિઃસહાય! સાવધાન!

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નમન,

સંસારના જગતમાં સંપત્તિ વિના જો કોઈ સામગ્રી નથી મળતી તો અધ્યાત્મના જગતમાં પ્રેમ વિના કોઈ સદ્ગુણ નથી મળતો. અલબત્ત, આમાં મહત્ત્વનો તફાવત એટલો છે કે સંપત્તિમાં ગણાતી સોની કે હજારની નોટ મેલી પણ હોય છે તોય એનાથી આકર્ષકમાં આકર્ષક સામગ્રી મળી શકે છે; પરંતુ પ્રેમ જો મલિન હોય છે, અપેક્ષા, આગ્રહ અને આસક્તિથી ખરડાયેલો હોય છે તો એનાથી એકાદ પણ નિર્મળ સદ્ગુણનો ઉઘાડ થઈ શકતો નથી.

શું કહું?

સ્વચ્છ સંપત્તિ જો દુર્જન પાસે પણ હોઈ શકે છે તો મલિન પ્રેમ પણ દુર્જન પાસે હોઈ શકે છે. પરંતુ નિર્મળ પ્રેમના માલિક બનવા માટે તો સજ્જનતા આત્મસાત કરવી જ પડે છે. અને એટલે જ તો કહેવાય છે કે પ્રેમ અને પૈસો, બંને કન્યારાશિના હોવા છતાં લોભાંધ પૈસા પર જ પ્રેમ કરતો હોય છે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



શૌર્ય,

સ્ટેડિયમમાં બેઠેલા દર્શકો બેટ્સમેન સમક્ષ નારાઓ લગાવી લગાવીને ચોગ્ગા-છગ્ગાની માગણી કરતા હોય છે, બેટ્સમેન એ નારાઓ પ્રત્યે એટલું ધ્યાન નથી આપતો જેટલું ધ્યાન બૉલર તરફથી પોતાના તરફ આવતા બૉલ પ્રત્યે આપતો હોય છે.

મારે પણ તને આ જ સલાહ આપવાની છે. તારી આસપાસ ગોઠવાયેલ વર્ગ ભલે ને તારી પાસે પાંચ લાખની ગાડી, બે કરોડનો બંગલો અને દસ કરોડના ધંધાની અપેક્ષા રાખતો હોય પણ તારે તો તારી વર્તમાન સ્થિતિ જોઈને જ જિંદગી જીવવાની છે.

દર્શકોની માગણી સંતોષવા ફટકાબાજી કરવા ગયેલા ઘણાંય બેટ્સમેનો પોતાની વિકેટ ગુમાવી બેઠા છે. અજ્ઞાનવર્ગની અપેક્ષા સંતોષવા પૈસા પાછળ આંધળી દોટ લગાવી ચૂકેલા ઘણાંય પોતાના મનની પ્રસન્નતાનું બલિદાન દઈ બેઠા છે. સાવધાન!

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



શુદ્ધ,

અજાણ્યા કૂતરાથી માણસ જેટલો ભય અનુભવતો હોય છે એના લાખમા ભાગનો ભય પણ માણસ ઘરના કૂતરાથી નથી અનુભવતો હોતો. કારણ? અજાણ્યો કૂતરો પોતાનાથી કેળવાયેલો નથી જ્યારે ઘરનો કૂતરો પોતાનાથી કેળવાયેલો છે.

પ્રશ્ન એટલો જ છે કે ઘરનો કૂતરો જો કેળવાયેલો જ હોય છે તો આપણી પાસે રહેલ આપણું જ પોતાનું મન કેળવાયેલું છે ખરું કે નહીં? કેળવાયેલું મન એટલે? આપણે એના માલિક અને એ આપણું સેવક. આપણે એને ધમકાવીએ તોય આપણને એ કરડે નહીં. આપણે એને જ્યાં બેસાડીએ ત્યાં એ બેસી જાય અને આપણે એને જ્યાં બેસવાની ના પાડીએ ત્યાંથી એ ઊભું થઈ જાય. શું કહું?

સિંહને કેળવનારા શિકારીઓ મળી જાય છે; પરંતુ મનને કેળવી ચૂકેલા સાધકો? દર્શન દુર્લભ છે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

સજ્જન,

બજારમાં જઈને માણસ જે પણ વસ્તુ ખરીદવા માગે છે, એનો એક આગ્રહ અચૂક હોય છે. એ વસ્તુ 'સારી' જ હોવી જોઈએ. પછી એ વસ્તુ શાક હોય કે પેન હોય, બૂટ હોય કે કપડાં હોય, મોબાઈલ હોય કે ટી.વી. હોય.

એક નાનકડી વાત તને કહું? જીવનમાં તું જે પણ બનવા માગતો હોય, એક આગ્રહ ખાસ રાખજે. એ દરેક લક્ષ્ય આગળ 'સારા'નું વિશેષણ લગાડી જ દેજે.

સાધુ બનજે પણ સારો! ડૉક્ટર બનજે પણ સારો! વકીલ બનજે પણ સારો! ન્યાયાધીશ બનજે પણ સારો! નેતા બનજે પણ સારો! અરે, અવળા પુરુષાર્થે તું કદાચ ડાકુ પણ બની જાય ને તો સારો ડાકુ બન્યો રહેજે અને ગુંડો બની જાય ને તો ય સારો ગુંડો બન્યો રહેજે! ખાતરી સાથે તને કહું છું કે આ 'સારાપણાં'નો આગ્રહ તારા જીવનને ખરાબીના રવાડે ચડવા જ નહીં દે!

ઈ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



કુલ્પક,

'જીવન કેવું જીવવું જોઈએ?' આ એક જ પ્રશ્નના જવાબો નહીં બલકે લાખો જવાબો આપણને કદાચ મળી શકે પણ મારા મનમાં જે એક જવાબ સ્ફૂર્યો છે તે આ છે. 'આજે મને જે પણ સારું મળ્યું છે, આવતા જનમમાં એ બધું વધુ સારું મળે એ રીતે મારે જીવન જીવવું જોઈએ'

'આ જનમમાં મને જેવી આંખ મળી છે એના કરતા વધુ સારી આંખ આવતા જનમમાં મને ક્યારે મળવાની? આ જનમમાં મળેલ આંખનો હું વધુ ને વધુ સદુપયોગ કરતો રહીશ તો જ ને? બસ, હાથ, પગ, કાન, હૃદય, મન, સંપત્તિ વગેરે તમામ ક્ષેત્રે મારે આ જ ગણિત કામે લગાડવાનું છે.'

સંદેશ સ્પષ્ટ છે. જે મળ્યું છે એનો દુરુપયોગ, મને ભવાંતરમાં એ ચીજથી વંચિત કરી દેવાનો છે તો સદુપયોગ એ ચીજથી મને સમૃદ્ધ કરી દેવાનો છે. કમાલ!

ઈ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ..



આશિષ,

મૂલ્યોની માવજત કરતા રહેવાના ક્ષેત્રે તારે જો સતત આગળ વધતા રહેવું હોય તો આ વાસ્તવિકતા સતત આંખ સામે રાખજે કે શિખર પર જેમ તેં ક્યારેય ભીડદર્શન નહીં જ કર્યું હોય તેમ મૂલ્યરક્ષાના માર્ગ પર તને ક્યારેય સમૂહદર્શન નથી જ થવાનું.

આ વાસ્તવિકતાની યાદ હું તને એટલા માટે દેવડાવું છું કે મન કાયમનું ભીડપ્રેમી જ રહ્યું છે. જ્યાં ભીડ હોય છે, સુખ ત્યાં જ હોય છે, સત્ય ત્યાં જ હોય છે, મસ્તી ત્યાં જ હોય છે એવું એ કાયમ માનતું આવ્યું છે અને એ હિસાબે જ જ્યાં એને ભીડ જોવા નથી મળતી ત્યાં એ આગળ ધપવા તૈયાર થતું નથી.

યાદ રાખજે, પાણીપૂરીની લારી પર તને જે ભીડ જોવા મળશે, એ ભીડ તને ઝવેરાતની દુકાન પર જોવા નહીં જ મળે.

ઈ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



દેવાશિષ,

ધોબીને કપડાં ધોવાં આપવાના હતા અને માણસ એને કાગળની પસ્તી આપી આવ્યો! વેપારીને પૈસા ચૂકવવાના હતા અને માણસ એને માલ આપી આવ્યો! વિદ્યાર્થીએ સ્કૂલ-માં પરીક્ષા આપવાની હતી અને પરીક્ષાખંડમાં એ ચોપડાં મૂકી આવ્યો!

કંઈક અંશે આપણે ય આવી જ કોક ગંભીર ભૂલ કરી બેઠા છીએ. આપણું બગડેલું મન આપણે પ્રભુને આપવાનું હતું, કલુષિત અંતઃકરણ એમના ચરણમાં મૂકી દેવાનું હતું, મલિન બુદ્ધિ સોંપી દેવાની હતી, આપણે એ બધું આપણી પાસે જ રહેવા દીધું અને પ્રભુને બીજું-ત્રીજું જ આપી આવ્યા!

આપણી ફરિયાદ એ છે કે આટલી ભક્તિ છતાં મને શુદ્ધિનો અનુભવ થતો કેમ નથી? પ્રભુનો જવાબ આ છે કે તેં મને તારા બગડેલાં મન-બુદ્ધિ કે અંતઃકરણ સોંપ્યા જ ક્યાં છે?

ઈ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

લક્ષ,

બ્લોટિંગ પેપર તો તેં જોયું જ છે ને? શાહીનું એક ટીપું તું એના પર નાખી દે, એ ટીપું મોટા ધબ્બામાં રૂપાંતરિત થઈ જાય.

અસંતુષ્ટ મન એક અપેક્ષાએ જોવા જઈએ તો બ્લોટિંગ પેપર જેવું જ છે. એની પાસે જે પણ હોય છે, કલ્પનાથી એ એને મોટું બનાવતું જ રહે છે. તારી પાસે દશ લાખ છે, અસંતુષ્ટ મન તને કરોડની કલ્પનામાં રમતું કરી દે છે.

આમાં દુઃખદ વાસ્તવિકતા એ છે કે અસંતુષ્ટ મન તને તારી પાસે જે છે એનાથી મોટી કલ્પના આપે છે. અને મોટી કલ્પનામાં તારી પાસે જે હોય છે એ તને નાનું લાગવા માંડે છે. જિંદગી તારી પૂરી થઈ જાય છે પણ અસંતુષ્ટ મન તને તારી કલ્પનાના બિંદુ પર પહોંચવા જ નથી દેતું. સ્વસ્થ અને મસ્ત રહેવું છે? મનને કલ્પનાઓનો ખોરાક આપવાનું બંધ કરી દે.

છ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મોક્ષ,

જરૂરિયાત કરતાં ઘણું બધું હોવા છતાં પ્રસન્નતા નહીં અનુભવતું મન, પ્રસન્નતા અનુભવવા માટે 'હજી વધુ'ની સલાહ જો તને આપી રહ્યું છે તો મારે તને એટલું જ કહેવું છે કે મનની એ સલાહને સાંભળવાની તું ના જ પાડી દેજે.

ભૂખ પાંચ રોટલીની હોય અને થાળીમાં રોટલી બે જ હોવાના કારણે તું વ્યથા અનુભવતો હોય એ તો સમજાય છે; પરંતુ પાંચ રોટલીની ભૂખ સામે સો રોટલી તારી થાળીમાં ઉપલબ્ધ હોય અને છતાં તું પ્રસન્નતા ન અનુભવતો હોય અને પ્રસન્નતા અનુભવવા તું જો પાંચસો રોટલી માટે દોડવા જો તૈયાર થઈ જતો હોય તો મારે તને કહેવું છે કે એ દોડ તને સ્મશાને પહોંચાડનારી જ બની રહેવાની છે. જીવન પૂર્ણ થઈ ગયા બાદ પાંચસો રોટલી મેળવી લેવામાં તું સફળ બની પણ જઈશ તો ય એ રોટલી ખાશે કોણ?

છ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



દક્ષેશ,

બંધ આંખે જાતજાતનાં આવતાં સપનાઓનો ફલાદેશ જાણવા મન કઈ પળે આતુર નથી હોતું એ પ્રશ્ન છે. મારે એ અંગે તને એટલું જ કહેવું છે કે એ દિશામાં આગળ વધતા રહેવાને બદલે મળેલા સમયનો ખુલ્લી આંખે કઈ રીતે સદુપયોગ કરી લેવો એ જાણવાની દિશામાં જ તું આગળ વધતો રહેજે.

મનની એક નબળી કડી તને જણાવી દઉં? એ વીતી ગયેલા સમય પાછળ આંસુ પાડી શકે છે, આવનારા સમય માટે આશા સેવી શકે છે પણ હાથમાં રહેલ સમય દરમ્યાન આનંદ અનુભવતા રહેવા એ તૈયાર થતું જ નથી.

ઈચ્છું છું હું કે આ નબળી કડીનો શિકાર તું બન જ નહીં. સપનાઓનો ફલાદેશ પછી જાણી લેજે. હાથમાં રહેલ સમયનો સદુપયોગ તું હમણાં જ કરી લે.

છ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



તીર્થેશ,

ટીમના બધા જ ખેલાડીઓ હોશિયારી નથી પણ દાખવી શકતા તો ય કેપ્ટનની વફાદારી તો તેઓ નિભાવતા જ હોય છે. રમતના મેદાન પર કેપ્ટનના સૂચનને અવગણવાની ગુસ્તાખી ટીમનો એક પણ ખેલાડી કરતો નથી, કરી શકતો નથી, કદાચ કરી પણ બેસે છે તો એ ટીમની બહાર ફેંકાઈ જાય છે.

બની શકે, પરમાત્માની બધી જ આજ્ઞાઓનું પાલન આપણે ન પણ કરી શકતા હોઈએ પણ જીવનના આ મેદાન પર આપણે એમને પૂરેપૂરા વફાદાર તો રહી શકીએ જ છીએ. સતત પૂછવા જેવો પ્રશ્ન છે જાતને.

આપણે વફાદાર કોને? મનને કે પરમાત્માને? આપણે કોના દોરવાયા દોરવાઈએ? મનના કે પરમાત્માના? કોની આજ્ઞામાં આપણે? મનની કે પરમાત્માની?

યાદ રાખજે,

મનની વફાદારીમાં મોત છે, પરમાત્માની વફાદારીમાં મુક્તિ!

છ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

પ્રવીણ,

આમ તો એમ લાગે કે આપણે રોજેરોજ મોટા થઈ રહ્યા હોઈએ. આપણને જ એવું નથી લાગી રહ્યું, આપણી આજુબાજુવાળા સહુને પણ એમ જ લાગી રહ્યું છે; પરંતુ સાંભળવું કદાચ ન ગમે એવું સત્ય એ છે કે આપણે નહીં પણ આપણો અતીત જ રોજેરોજ મોટો થઈ રહ્યો છે. ગઈકાલ સુધી આપણો અતીત જો ૬૦ વરસનો હતો તો આજે એ અતીત એક દિવસ વધુ મોટો થઈ ગયો છે.

તાત્પર્યાર્થ આનો એ છે કે અતીત જ્યારે રોજેરોજ મોટો જ થઈ રહ્યો છે ત્યારે ભવિષ્ય નાનું થઈ જ રહ્યું છે. પ્રશ્ન એ છે કે રોજેરોજ નાના થઈ રહેલ ભવિષ્ય પર કાયમનું પૂર્ણવિરામ મુકાઈ જાય એ પૂર્વે વર્તમાનને સત્પ્રવૃત્તિઓથી ધમધમતો રાખવા આપણે પ્રયત્નશીલ છીએ ખરા? જો ના, તો ભવાંતરનું ભવિષ્ય આપણે અત્યારથી જ અંધકારમય બનાવી રહ્યા છીએ! રે કરુણતા!

હ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વત્સલ,

પાણીનો અભાવ તો તૃષાતુર માટે મોતનું કારણ બની જાય છે પણ પાણીનો આભાસ પણ તૃષાતુરના ભાગે મોત ઝીંકી દે છે એ વાસ્તવિકતા એટલું જ કહે છે કે અપેક્ષાએ અભાવ કરતાં ય આભાસ વધુ ખતરનાક છે. અભાવથી ત્રસ્ત બનેલો તો સત્ની શોધમાં એકવાર નીકળી પણ જાય છે પરંતુ આભાસવાળો તો ત્યાં જઈને ફસાતો રહી જાય છે કે જ્યાં સત હોવું જ નથી.

આપણા સંસારપરિભ્રમણનું મુખ્ય કોઈ એક કારણ હોય તો એ છે, પરપદાર્થોમાં સુખનો આભાસ. અનંત અનંત કાળથી આપણે સુખ પામવા પદાર્થોના સરનામે પહોંચી તો ગયા છીએ પણ એ સરનામે પહોંચ્યા પછી આપણે આંખોમાં આંસુ સિવાય બીજું કશું જ બચાવી શક્યા નથી. શું વાત કરું? યોગી અભાવમાં અકળાઈને સાચા સરનામે પહોંચી જાય છે. ભોગી આભાસમાં અટવાઈ જઈને વારંવાર મોતને ભેટતો રહે છે!

હ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



રોનક,

તબલાંની થાપ જ્યારે વાંસળીના સૂરને અનુકૂળ થઈને જ પડે છે ત્યારે સંગીતનો જે મસ્ત માહોલ સર્જાય છે એ માહોલ નિરસ આત્માને પણ ડોલી જવા એકવાર તો મજબૂર કરીને જ રહે છે.

પ્રશ્ન તબલાંની થાપનો નથી, આપણાં પોતાના મનનો છે. તપાસવાનું તો આપણે એ છે કે આપણાં મનનો અવાજ અંતઃકરણને અનુકૂળ થઈને જ આવે છે કે પ્રતિકૂળ થઈને? અંતઃકરણની રુચિ ક્ષમાની છે, એવું તો નથી બનતું ને કે મન દ્વેષનો ઝંડો લઈને જ ઊભું રહે છે? અંતઃકરણને આકર્ષણ ઉદારતાનું છે, મનને કૃપણતામાં જ રસ છે એવું તો નથી ને?

એક વાત કરું? પ્રયાસ કરીને પણ અંતઃકરણની રુચિ સાથે મનના અવાજનો મેળ પાડી દેવા જેવો છે. એમાં સફળતા મળતાંની સાથે જ આત્મઘરમાં આનંદનું જે વાતાવરણ સર્જાશે એ વાતાવરણ આત્માને પરમપદની નજીક લઈ જનારું બનીને જ રહેશે.

હ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નરેન્દ્ર,

જવાનું છેક દિલ્હીથી મુંબઈ હોય, જે ટ્રેનમાં બેસીને મુસાફરી કરવાની હોય એ ટ્રેનની ગતિ એકદમ મંદ હોય અને રસ્તામાં આવતા પ્રત્યેક સ્ટેશને એને અટકવાનું હોય તો એ ટ્રેન મુંબઈ પહોંચે ક્યારે?

સાચું કહું?

પ્રસન્નતાની અનુભૂતિની મંજિલ આપણી દૂર છે, પુણ્ય અને સત્ત્વ, બંને આપણાં નબળાં છે. ધારેલું ઘણું-બધું થતું નથી અને ન ધારેલું ઘણું-બધું થતું જ રહે છે. આ સ્થિતિમાં આપણે જો પ્રત્યેક અપેક્ષાને પૂર્ણ કરવાના આગ્રહ સાથે જ જીવન જીવતા રહેશું, સામી વ્યક્તિ પ્રત્યે આક્રમક જ બનતા રહેશું, અપેક્ષા પૂર્ણ ન થતાં મનને સંક્લિષ્ટ જ બનાવ્યા કરશું તો લાખો-કરોડો ભવોએ પણ મંજિલે પહોંચી શકશું કે કેમ એમાં શંકા છે. સાવધાન!

હ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ

જ્ઞાનેન્દ્ર,

મનને પસંદ પડી જતી પરંતુ આંખ પર વ્યવસ્થિત ન ગોઠવાઈ શકતી ચશ્માંની ફ્રેમને ખરીદવાની બેવકૂફી તું તો શું, કોઈ પણ માણસ નથી જ કરતો ને ?

એટલું જ પૂછવું છે મારે તને કે **મનને ગમી જતો ક્રોધ આત્માને માટે એકાંતે નુકસાનકારી જ બનતો હોય છે એનો તને ખ્યાલ તો છે ને ?** સંબંધોમાં એ કડવાશ પેદા કરે છે અને અંતઃકરણને એ વ્યથિત રાખ્યા કરે છે એનો તને અનુભવ પણ છે ને ? જો હા, તો જવાબ આપ. એ ક્રોધના સેવનથી દૂર જ રહેવાનું તેં નક્કી કરી લીધું છે ખરું ?

શું કહું ?

મનને પસંદ પડી જતાં દ્રવ્યો જો શરીરને દુઃખ આપનારા બને છે તો એ દ્રવ્યોનો ત્યાગ કરી દેતા આપણને પળની ય વાર નથી લાગતી તો મનને પસંદ પડી જતા દોષો આત્માને માટે દુઃખદાયી બની રહ્યા હોવા છતાં એના ત્યાગ માટે આપણે તત્પર કેમ નથી ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



જયેન્દ્ર,

જે કામ કરવામાં મન શરમ અનુભવે છે, જે કામ અંગેના વચનો બોલવામાં મન શરમ અનુભવે છે, એ કામ અંગેના વિચારો કરવામાં મન શરમ કેમ નથી અનુભવતું એ સમજાતું નથી.

**જીવનનું એક કડવું સત્ય સમજાવું ? ટાંકીમાં ભરાયેલ પાણીને નળમાં વહેતું રોકવામાં સફળતા મળવી જો મુશ્કેલ છે તો નળમાં વહી રહેલ પાણીને બાલદીમાં આવતું રોકવામાં સફળતા મળવી ય કઠિન જ છે.**

બસ, એ જ ન્યાયે મનમાં જે વિચારો રમ્યા કરતા હોય છે એ વિચારો નિમિત્ત મળતા જ વચનમાં પ્રગટ થઈ જતા હોય છે અને અનુકૂળ સંયોગો તથા સામગ્રી મળતા કાયામાં પ્રવૃત્તિરૂપે પણ પ્રગટ થઈ જતા હોય છે. સંદેશ સ્પષ્ટ છે. જે કરવામાં અને બોલવામાં તું શરમ અનુભવે છે એને વિચારવાનું તું બંધ જ કરી દે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



શર્મેન્દ્ર,

ટ્રેનના પાટા જોઈને આપણે સ્પષ્ટ કહી ન શકીએ કે ટ્રેન કઈ દિશામાં ગઈ હશે કે પાટા ટ્રેનને કઈ દિશામાં લઈ ગયા હશે !

આપણાં મનને જોઈને આપણે સમજી શકીએ તેમ નથી કે આ મન આપણને ભૂતકાળમાં કઈ કઈ ગતિઓમાં લઈ ગયું છે અને ભવિષ્યમાં કઈ કઈ ગતિઓમાં લઈ જવાનું છે ? પણ, એક વાત તો સ્પષ્ટ છે કે પાટાની કોઈ સ્વતંત્ર પસંદગી નથી ડ્રાયવર ટ્રેનને જે દિશામાં લઈ જવા માગે છે એ દિશામાં ટ્રેનને લઈ જવામાં વફાદાર રીતે પાટા પૂરેપૂરો સહયોગ આપે છે.

મનનું ય આવું જ છે. **આત્મા જે ગતિમાં જવા માગે છે એ ગતિમાં આત્માને પહોંચાડી દેવામાં મન પૂરેપૂરું સહયોગી બની રહે છે.** તપાસજે તારા જીવનને. મનના પાટા તારી આજ્ઞામાં છે કે તારા જીવનની ટ્રેન મનના પાટાની આજ્ઞામાં છે ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નાગેન્દ્ર,

કબૂલ, તારી હોજરી મજબૂત છે પણ એનો અર્થ એ તો નથી ને કે તું પેટમાં કચરો ય નાખતો રહે અને ઝેર પણ પધરાવતો રહે ! ના. પેટમાં તારે એ જ દ્રવ્યો પધરાવવાના હોય કે જે દ્રવ્યો તારા શરીરને તંદુરસ્ત પણ રાખે અને સ્ફૂર્તિલું પણ રાખે.

માની લીધું કે તારું મન મજબૂત છે પણ તો ય તારે આ ધ્યાન તો રાખવાનું જ છે કે એ મનની સામે નથી તો તારે નબળા નિમિત્તો ધરતા રહેવાનું કે નથી તો તારે વિકારી નિમિત્તો ધરતા રહેવાનું. મનને તારે એવા જ નિમિત્તો આપતા રહેવાનું છે કે જે નિમિત્તોને પામીને આત્મા પવિત્ર જ બન્યો રહે, સદ્ગુણી જ બનતો રહે અને સમાધિમાં જ રમતો રહે.

યાદ રાખજે, **સર્પ ઝેર વિનાનો હોય તો ય એની સાથે દોસ્તી કરવાની હોતી નથી. મન સત્ત્વશીલ હોય છે તો ય એની સામે નબળા નિમિત્તો ધરવાની ભૂલ કરવા જેવી નથી.**

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

યતીન્દ્ર,

ગુજરાતી ભાષામાં એક સરસ વાક્ય આવે છે. 'તમારી સાથે ટોળાં ઘેટાંનાં હોય ત્યારે વાઘ પર હુમલો કરવાનું વિચારવું નહીં' સંદેશ સ્પષ્ટ છે. તમારાં કર્મો જ્યારે નબળાં હોય ત્યારે પરાક્રમ કે આક્રમણ કરવાના પ્રયાસો કરવા નહીં.

તમારું બોલેલું સાંભળવું ન ગમતું હોય ત્યારે કોઈનેય સલાહ આપવા જવું નહીં. તમારા પર કોઈને ય વિશ્વાસ ન હોય ત્યારે કોઈની ય સાથે પૈસાની લેવડ-દેવડ તમારે કરવી નહીં. તમારું આગમન સામાની આંખમાં જો અણગમો પેદા કરતું હોય તો એના દ્વાર તરફ તમારે કદમ પણ માંડવા નહીં.

પેટ દાળ-ભાત પણ ન પચાવી શકતું હોય ત્યાં ગુલાબજાંબુની હરીફાઈ લગાવવાની બેવકૂફી ન જ કરાય એ સમજી શકાય તેવી વાત છે ને? પાપડ તોડતા પહેલાં તમે જ તૂટી ગયા હો ત્યાં કોઈનાય પર મુઠ્ઠી ઉગામવાનું પરાક્રમ ન જ કરાય એ સમજી શકાય તેવી જ વાત છે ને? દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



રાજેન્દ્ર,

અણુને તોડવાનું કામ વિજ્ઞાને ભલે પોતાના હાથમાં રાખ્યું છે, મનના ખોટા ખ્યાલોને તોડતા રહેવાનું કામ તો આપણે પોતે જ કરવાનું છે.

જીવનના ખૂણે ખૂણે બની રહેલા પ્રસંગોને જોઈ શકવાની ક્ષમતા વિજ્ઞાને ભલે ટી.વી. ના માધ્યમે આપણને આપી દીધી છે, મનના ઓરડામાં પડેલા દોષોના કચરાને જોઈ શકવાની ક્ષમતા તો આપણે પોતે જ ઊભી કરવાની છે. હજારો માઈલ દૂર રહેલ વ્યક્તિ સાથે વાત કરી શકવાની તાકાત મોબાઈલ આપીને વિજ્ઞાને ભલે તમારા હાથમાં મૂકી દીધી છે, ગુરુદેવના માધ્યમે પ્રભુનાં વચનો સાંભળવાનું સત્ત્વ તો આપણે પોતે જ પેદા કરવાનું છે. આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈએ એવી સંખ્યાબંધ શોધો વિજ્ઞાન ભલે રોજરોજ કરી રહ્યું છે, વિસ્મયભાવમાં ડૂબતા રહીએ એ રીતે ધર્મના યોગોને સેવતા રહેવાનું પરાક્રમ તો આપણે પોતે જ દાખવવાનું છે. કાળી જવું.

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



કવીન્દ્ર,

આંકડાઓને ઓળખ્યા વિના જો ગણિતમાં આગળ નથી વધી શકાતું, માણસોને સમજ્યા વિના વેપારમાં જો આગળ નથી વધી શકાતું, મસાલાઓને ઓળખ્યા વિના રસોઈ બનાવવામાં જો આગળ નથી વધી શકાતું તો કર્મોના ગણિતને અને ધર્મના રહસ્યોને સમજ્યા વિના અધ્યાત્મ જગતમાં ય આગળ નથી જ વધી શકાતું.

બાહ્ય સંયોગોમાં કોઈ પણ પળે ગમે તેવી ઉથલપાથલ સર્જે એ છે જે કર્મોનું ગણિત તો આભ્યન્તર ક્ષેત્રે કોઈ પણ પળે ઉથલપાથલ સર્જે એ છે ધર્મનું રહસ્ય! કરોડપતિ શ્રીમંત બે જ મિનિટમાં રસ્તા પર આવી જાય એ ધમાલ જો કર્મસત્તા કરી શકે છે તો જાલિમ પણ ખૂની બે જ મિનિટમાં કેવળજ્ઞાન પામીને પ્રભુની હરોળમાં બેસી જાય એ કમાલ ધર્મસત્તા સર્જી શકે છે. ઇચ્છું છું, આ બંને ક્ષેત્રની ગંભીરતા તું વહેલામાં વહેલી તકે સમજી લે.

રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ગજેન્દ્ર,

તું રમેશ સાથે મિત્રતા કેળવી લે અને તારી સાથે દુશ્મનાવટ કેળવી લેવાની નાદાનિયત એ કરી બેસે એ સંભાવના છે ખરી? તું નરેશ સાથે જાલિમ દુશ્મનાવટ ઊભી કરી દે અને એ તારી સાથે જિગરજાન મિત્રતા કેળવી લે એ શક્યતા છે ખરી? હરગિજ નહીં. પણ સબૂર!

તું અંતરશત્રુઓ સાથે દુશ્મનાવટ ઊભી કરી દે. એ તારા એવા મિત્રો બની જશે કે તારા આત્માને તેઓ ક્યારે પણ દુર્ગતિમાં જવા જ નહીં દે પણ ભૂલેચૂકે તું જો એમની સાથે મિત્રતા કેળવી બેઠો તો તારી સાથે તેઓ એવી દુશ્મનાવટ ઊભી કરી બેસશે કે અનંતકાળ સુધી એ બધા તને સદ્ગતિના દર્શન પણ નહીં થવા દે! એટલું જ કહીશ કે અંતરશત્રુઓના આ વિચિત્ર સ્વભાવને આંખ સામે રાખીને એમની સામે તારી તાકાત હોય એટલા જોરથી લડી લેજે.

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ

દેવેન્દ્ર,
માર્ગ ચાહે સંસારનો હો કે અધ્યાત્મનો હો, જે પણ માણસ ભોગ બને છે ટૂંકી દૃષ્ટિનો કે દુર્બુદ્ધિનો, એ માણસ પોતે તો નુકશાનીમાં ઉતરે જ છે પરંતુ પોતાના પરિચયમાં આવનારા અનેકોને પણ નુકશાનીમાં ઉતારતો રહે છે.

શેરબજારમાં કૂદકો એ જો ટૂંકી બુદ્ધિને આભારી છે તો શંકાબજારમાં કૂદકો એ દુર્બુદ્ધિને આભારી છે. કષ્ટો અનુભવાતાં જ ધર્મમાંથી પીછેહઠ એ જો ટૂંકી બુદ્ધિનું કાર્ય છે તો આંખ સામે પ્રલોભન આવતાં જ પાપમાં પ્રવેશ એ દુર્બુદ્ધિને આભારી છે. ક્લેશ એ જો ટૂંકી બુદ્ધિની દેન છે તો સંક્લેશ એ દુર્બુદ્ધિની દેન છે.

સંબંધોને તું જો જાળવી રાખવા માગે છે તો ટૂંકી બુદ્ધિથી તું મનને મુક્ત કરતો જજે અને સદ્ગુણોને તું જો વર્ધમાન બનાવવા માગે છે તો મનને તું દુર્બુદ્ધિથી મુક્ત કરતો જજે. ફાવી જઈશ.

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વીરેન્દ્ર,
માણસ ચન્દ્ર [?] પર પહોંચ્યો એ આપણાં માટે કદાચ સમાચાર જરૂર છે પણ પ્રભુ ધરતી પર અવતર્યા એ તો આપણા માટે ચમત્કારથી જરાય ઓછું નથી. કારણ કે ચન્દ્ર પર કોઈ પહોંચી પણ ગયું હોય તોય એનાથી આપણી હૈયા બળતરામાં લેશ પણ કડાકો બોલાયો નથી જ્યારે ધરતી પર થયેલા પ્રભુના અવતરણે તો આપણા હૈયામાં શીતળતાનું માનસરોવર સર્જી દીધું છે.

એટલું જ કહીશ તને કે તારી પાસે જે પણ છે એમાં વધારો કરે એને તું 'સમાચાર'ની કક્ષામાં મૂકતો રહેજે પણ તારામાં જે પણ બગાડો છે એમાં સુધારો કરે એને 'ચમત્કાર'થી ઓછું જરાય નહીં માનતો.

શું કહું તને ? સ્ટુડિયોમાં તેં પડાવેલ ફોટો મસ્ત આવે એ માત્ર સમાચાર છે પરંતુ અધ્યાત્મની હૉસ્પિટલમાં તેં પડાવેલ અંતઃકરણનો એક્સ-રે નોર્મલ આવે એ તો ચમત્કાર જ છે.

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



પ્રીતેશ,
કર્મોથી જેનો આત્મા ભારે હોય છે એને સદ્ગુણી બનતાંય વાર નથી લાગતી તો એને ભવસાગરનો પાર પામી જતાંય વાર નથી લાગતી. એક જ નાનકડી સત્પ્રેરણા, એકાદ નાનકડું પણ જોરદાર નિમિત્ત, અને એના સહારે એનાં કર્મો હળવાફૂલ.

પણ,
જેનો આત્મા દ્વેષથી ભારે હોય છે એને તો સદ્ગુણોથી ભ્રષ્ટ થતાંય વાર નથી લાગતી તો દુર્ગતિમાં ધકેલાઈ જતાંય વાર નથી લાગતી. એકાદ જ અપમાનજનક શબ્દનું શ્રવણ, એકાદ પણ સ્વાર્થભંગ-પ્રસંગનો અનુભવ, એકાદ અપેક્ષાભંગનું જોવા મળેલું વાતાવરણ અને એના હૈયામાં ભભૂકી ઊઠે દ્વેષનો દાવાનળ. દ્વેષના એ દાવાનળમાં સળગી જાય એના સદ્ગુણો અને નીકળી પડે એ દુર્ગતિની યાત્રાએ!

ખૂબ ગંભીરતાથી આત્મનિરીક્ષણ કરજે. મન કર્મોના ભારથી ત્રસ્ત છે કે દ્વેષના ભારથી ત્રસ્ત છે ?

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



હિતેશ,
બદામનો થેલો માથા નીચે રાખીને સૂઈ જવાથી કોઈને બુદ્ધિ આવી ગઈ હોય એવું તને સાંભળવા મળ્યું ખરું ? મીઠાઈનાં દર્શન કરતા રહેવાથી કોઈને તૃપ્તિનો ઓડકાર આવી ગયો હોય એવું તેં જોયું ખરું ? નકશામાં રહેલ નદીને જોતા રહેવાથી કોઈની પ્યાસ બુઝાઈ ગઈ હોય એવા સમાચાર તારા કાને આવ્યા ખરા ?

જો ના,
તો માહિતીઓનો સંગ્રહ કરતા રહેવા માત્રથી કોઈ જ્ઞાની બની ગયો હોય એવું ય બન્યું નથી તો હૃદયના પ્રેમને કાર્યાન્વિત કર્યા વિના કોઈ સહૃદયી બની ગયો હોય એવું ય બન્યું નથી.

મારે તને એક જ વાત કરવી છે. સમ્યક્ શ્રદ્ધાને તું આચરણમાં રૂપાંતરિત કરતો જ રહેજે અને હૃદયમાં રહેલ પ્રેમને સક્રિય કરુણામાં બદલતો જ રહેજે. શ્રદ્ધા અને પ્રેમ, એ બંને ગૌરવપૂર્ણ બનીને જ રહેશે.

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

શૈલેશ,

વાંદરાઓની સંખ્યા આ દેશમાં ઘટતી જાય છે એ સમાચાર જેટલા દુઃખદ છે એના કરતાં વધુ દુઃખદ સમાચાર તો આ છે કે આ દેશમાં વાનરવેડા આચરનારાઓની સંખ્યા રોજેરોજ વધતી જાય છે.

કિશોરવય વ્યભિચારમાં પારંગત બની રહી છે. યુવાધન બારલીઓ પાછળ ઝૂમી રહ્યું છે. યુવતીઓ જાનની બાજી લગાવીને સૌંદર્યસ્પર્ધાઓ પર પી.એચ.ડી. કરી રહી છે. કોલેજીયનો પોતાના મનની વાસનાઓને બહેલાવવા કોલેજમાં જાતજાતના 'ડે' બનાવી રહ્યા છે, મનાવી રહ્યા છે.

ગાંધી બાપુ તો નસીબદાર હતા કે એમને ત્રણ જ વાંદરાઓને ઠેકાણે રાખવાના હતા. આજના પપ્પાઓ તો સમજી જ નથી શકતા કે ઠેરઠેરના વાનરવેડાઓ એમને નચાવવાના છે!

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નીતેશ,

કમજોર શરીર તો પાપો કરીને ક્યાંક અટકી જાય છે પરંતુ મન તો પાપકલ્પનાઓના ક્ષેત્રે ક્યાંય અટકવા જ નથી માગતું. પેંડા વધુમાં વધુ પાંચ ખાઈ શકાશે પણ મન તો મિઠાઈની આખી ને આખી દુકાન ખાઈ ગયા પછી ય તૃપ્ત થવા તૈયાર નથી. શરીર તો એક સ્ત્રીમાં ધરાઈ જશે પણ મન તો દુનિયાભરની સ્ત્રીઓ સાથે ભોગ ભોગવ્યા પછી ય ધરાવા તૈયાર નથી. આંખો એક સાથે ત્રણ કલાક ટી.વી. જોઈને આરામ કરી લેશે પણ મન તો રાતના સપનાઓમાં ય ટી.વી. જોતા થાકવા તૈયાર નથી.

મનની આ અમર્યાદ શક્તિઓનો લાભ ઉઠાવવો છે? તું એક કામ કરતો જા. શરીર મર્યાદિત ધર્મસેવન પછી ભલે અટકી જાય, મનને ધર્મભાવનાઓના ક્ષેત્રે તારી તાકાત હોય એટલું દૂર-સુદૂર લઈ જા. અમર્યાદ પાપકલ્પનાઓથી સંસાર વધાર્યો છે ને? અમર્યાદ ધર્મભાવનાઓ સંસાર પર પૂર્ણવિરામ મૂકી દેશે!

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મિતેશ,

કરોડપતિને એમ લાગતું હોય કે મારી પાસે 'પૈસા ઓછા છે' તો એ એના જીવનની કરુણતા નથી. દેશના વડાપ્રધાનને એમ લાગતું હોય કે મારી પાસે 'સત્તા ઓછી છે' તો એ ય એમના જીવનની કરુણતા નથી. અઠ્ઠાણું ટકા માર્ક્સ પાસ થયેલ વિદ્યાર્થીને એમ લાગતું હોય કે મને 'ઓછા માર્ક્સ મળ્યા છે', તો એ ય એના જીવનની કરુણતા નથી,

પણ,

સતત મૃત્યુ તરફ ઢસડાઈ રહેલ આપણને જો એમ લાગતું હોય કે મારી પાસે જીવવાનો સમય 'હજી પુષ્કળ છે' તો એ આપણાં જીવનની ભારેમાં ભારે કરુણતા છે. કારણ કે મૃત્યુનો જ આ પ્રસાદ છે કે અત્યારે આપણાં શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યા છે. એ જેવું જાગૃત થયું, આપણાં જીવન પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું જ સમજજો. સાચું કંઈક કરવું છે? બચાવ કયું ગોઠવ્યું છે? આજ આજ ભાઈ અત્યારે!

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



જિનેશ,

ઈન્કમટેક્સની 'રેડ' ધારાવીની ઝૂંપડપટ્ટીમાં રહેનારના ઘરે પડી હોય એવું તને જીવનના આટલા વરસોમાં ક્યારેય સાંભળવા મળ્યું ખરું? ના. રેડ લાખોપતિને ત્યાં, કરોડપતિને ત્યાં કે અબજોપતિને ત્યાં જ પડતી હોય છે. અને સાચું કહું તો આવી રેડ પોતાને ત્યાં પડવા બદલ એ શ્રીમંતો મનમાં છૂપો છૂપો હર્ષ પણ અનુભવતા હોય છે.

જો ઈન્કમટેક્સની રેડ શ્રીમંતને ત્યાં જ પડતી હોય તો ધાડ ધર્મીને ઘેર જ પડતી હોય એમાં નવાઈ પામવા જેવું છે શું? પાપી તો વેશ્યા જેવો છે. એનાં પર નિયંત્રણનાં કોઈ જ કોરડા ન વીંઝાતા હોય એ બિલકુલ સમજાય તેવી વાત છે. પણ ધર્મી તો સતી સ્ત્રી જેવો છે. નિયંત્રણનાં કોરડા એના પર વીંઝાવા નથી લેતા, એ પોતે સામે ચડીને નિયંત્રણનાં કોરડાને આમંત્રણ આપતો હોય છે. નક્કી કરી લેજે તું વેશ્યા જેવા પાપી બન્યા રહેવું છે કે સતી જેવા ધર્મી?

દ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ

સતીષ,

વીણા ગમે તેટલી આકર્ષક ભલે ને હો, એની સાર્થકતા તો એના તાર પર કોક કુશળ વીણાવાદકની આંગળીઓ ફરવા લાગે એમાં જ છે.

આપણી પાસે રહેલ જીવનવીણાની અનંતજ્ઞાનીઓએ જે કિંમત આંકી છે એનું મૂલ્ય આંકડાઓમાં તો આપી શકાય તેમ નથી પરંતુ એ જીવનવીણાની સાર્થકતા શેમાં? એ જીવન-વીણાના તાર પર કોંક સદ્ગુરુની આંગળીઓ ફરવા લાગે એમાં!

એક વાત કહું? આ જગતમાં એવા કેટલાય બેકાર માણસો છે કે જેઓ કોકની જીવનવીણા દેખાતાં જ એના પર પોતાની આંગળીઓ ફેરવવા લાગે છે અને એની જીવનવીણાને બેસૂરી બનાવી દે છે. એટલું જ કહીશ તને કે એવા બેકાર માણસોથી તારી જીવનવીણાને બચાવતો જ રહેજે.

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



પ્રીતેશ,

વ્યવહાર જગતનો એક કાયદો તારા ખ્યાલમાં છે? માણસ એ વ્યક્તિના ઘરમાં મહેમાન બનીને શક્ય એટલો વહેલો જાય છે કે જે વ્યક્તિના ઘરમાં એના આગમન માટેની પ્રતીક્ષા વધુ ને વધુ સેવાઈ હોય છે.

મારે અને તારે, પ્રભુને એ પ્રશ્ન પૂછવાની જરૂર નથી કે 'પ્રભુ, મારા મનમંદિરમાં આપ ક્યારે પધારશો?' પ્રભુ ખુદ મને અને તને પૂછી રહ્યા છે કે 'તારા મનમંદિરમાં મારી પધરામણી કરાવવા અંગેની તારી પ્રતીક્ષા કેટલી છે, એ તો તું મને કહે!' મારી પધરામણી અંગેની તારી પ્રતીક્ષા રણપ્રદેશની સખત ગરમીમાં પાણી માટે પ્રતીક્ષા કરી રહેલ તૃષાતુર માણસ જેવી છે કે પછી ટી.વી. જોતાં જોતાં વચ્ચે પાણીની માંગ કરી રહેલ ફાલતુ માણસ જેવી છે? મારી પધરામણીનો આધાર તારી પ્રતીક્ષાની તીવ્રતા-મંદતા પર રહેલો છે એ તું સતત યાદ રાખજે.

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



જ્ઞાનેશ,

'સો દા'ડા સાસુના, એક દા'ડો વહુનો' આ કહેવત તો તેં અનેકવાર સાંભળી હશે. 'સો સુનારની, એક લુહારની' આ કહેવત પણ તારા કાને અનેકવાર આવી જ હશે પરંતુ મારે તને આજે એક નવી કહેવત સંભળાવવી છે કે જે તેં કદાચ ક્યારેય સાંભળી નહીં હોય. આ રહી એ કહેવત.

'સો સાધકની સાધના, એક ભક્તની ભક્તિ'

અથવા 'સો સાધના સાધકની, એક ભક્તિ ભક્તની'

પુરુષાર્થ અને સત્ત્વના સહારે સાધક સો સાધના કરીને જે કમાણી કરે એના કરતાં અનેકગણી કમાણી અહોભાવ અને સમર્પણભાવના સહારે ભક્ત કદાચ એક જ વખતની પ્રભુભક્તિ-માં કરી લે. પ્રશ્ન એ નથી કે આપણામાં સત્ત્વ વધારે છે કે સમર્પણભાવ વધારે છે? પ્રશ્ન એ છે કે આપણને પુરુષાર્થ પર વધુ ભરોસો છે કે અહોભાવ આપણી તીવ્રરુચિનો વિષય છે? પરિણામનો નિર્ણય એના આધારે જ થવાનો છે.

છ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ધ્યાનેશ,

એક છિદ્ર બાલદીના તળિયાનું હોય છે કે જે છિદ્ર પાણીના સંગ્રહની બાલદીની તમામ તાકાતને રફેદફે કરી નાખે છે જ્યારે એક છિદ્ર વાંસળીનું હોય છે કે જેના બળે વાંસળી પોતાના અસ્તિત્વને ચાર ચાંદ લગાવી દે છે. પ્રશ્ન છિદ્રનો નથી, એ છિદ્ર શેનામાં છે એનો છે! સમસ્યા છિદ્રની નથી, એ છિદ્ર કઈ વસ્તુમાં છે, એની છે!

આમ જોવા જાય ને તું તો રાગ એ છિદ્ર જ છે પણ જો એ પદાર્થ પર છે તો નુકસાનકારી છે, પરમાત્મા પર છે તો લાભકારી છે. ક્રોધ એ છિદ્ર જ છે પણ જો એ વ્યક્તિ પર છે તો નુકસાનકારી છે, ગલત વૃત્તિઓ પર છે તો લાભકારી છે. પાગલપન એ છિદ્ર જ છે પણ એના કેન્દ્રમાં જો આસક્તિ છે તો એ નુકસાનકારી છે, ભક્તિ છે તો લાભકારી છે. એટલું જ કહીશ તને કે છિદ્રનો શિકાર તો તું બન્યો જ રહેજે પણ બાલદીના છિદ્રનો નહીં, વાંસળીના છિદ્રનો! જીવન સાર્થક બની જશે.

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

જયેશ,

પત્નીને, પુત્રને, સ્વજનને કે મિત્રને જીવનભર વફાદાર રાખવાના આપણા પ્રયાસોને મળતી સફળતાનો એક જ આધાર છે, પુણ્યકર્મની વફાદારી.

પુણ્યકર્મની વફાદારીનો અર્થ તું સમજે છે ? રાતના સૂઈ ગયા પછી તું સાજો-નરવો ઊઠે છે એ છે જો પુણ્યકર્મની વફાદારી તો તારી વાતને સાંભળવા સામો માણસ તૈયાર રહે છે એય છે પુણ્યકર્મની વફાદારી. હાઈ-વે પરની મુસાફરીમાં તું ઘરે હેમ-ખેમ પાછો આવે છે એ છે જો પુણ્યકર્મની વફાદારી તો તું બોલે છે ત્યારે તારી જીભ થોથવાતી નથી એય છે પુણ્યકર્મની જ વફાદારી.

પણ એક વાત યાદ રાખજે. પુણ્યકર્મની વફાદારીના સમયમાં પ્રભુને વફાદાર રહેવાનું જે આત્મા ભૂલી જાય છે દુર્ભાગ્યા એનાં ભાગ્યે પાપકર્મની નાલેશી ઝીંકીને જ રહે છે. તું પ્રયાસ કરે તો પુણ્યકર્મને વફાદાર રાખવાના ન કરતો. પ્રભુને વફાદાર રહેવાના કરજે. ફાવી જઈશ.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નૂપેશ,

પ્રભુ બની જવાનો મગજમાં જલદી બેસી જાય તેવો એક સરળ ઉપાય તને જણાવું ? પ્રભુએ જે સુખોને સહર્ષતાપૂર્વક છોડી દીધા છે એ સુખોને છોડી દેવા આપણે તૈયાર રહીએ અને જે દુઃખોને પ્રભુએ પ્રસન્નતાપૂર્વક આવકાર્યાં છે એ દુઃખોને પ્રસન્નતાપૂર્વક આવકારવા આપણે ય તૈયાર રહીએ.

હજી વધુ સરળતાથી સમજાવું ? આપણાં સુખો પ્રભુના ચરણમાં મૂકી દઈએ. પ્રભુ એમનાં સુખો આપણને આપી દેવા તૈયાર છે. પ્રભુ પર આવેલા દુઃખો અપનાવી લેવા આપણે તૈયાર રહીએ. પ્રભુ આપણને દુઃખમુક્ત કરી દેવા તૈયાર છે.

શું કહું ?

સુખો આપણી પાસે જે પણ છે એ તુચ્છ છે. આપી દઈએ એ આપણે પ્રભુને. દુઃખો આપણાં પર જે આવે છે એ મામૂલી છે. સ્વીકારી લઈએ એને. આપણે પ્રભુ બનવાનું મોડું નક્કી થશે તોય પ્રભુના બનવાનું તો અત્યારે જ પાકું થઈ જશે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



દિવ્યેશ,

જીવમાત્ર પ્રત્યેના મૈત્રીભાવને જીવંત રાખવાનો અર્થ તું એમ ન સમજી બેસતો કે સહુની સાથે પ્રેમાળ વ્યવહાર જ રાખવો, સહુની સાથે મીઠા શબ્દો જ બોલતા રહેવા, સહુને પ્રસન્ન રાખવાના જ પ્રયાસો કરતા રહેવા.

ના, એક જ અર્થ છે મૈત્રીભાવને જીવંત રાખવાનો અને એ અર્થ છે, સહુના હિતને આંખ સામે રાખવું. વ્યક્તિ સાથેનો વ્યવહાર પ્રેમાળ છે પરંતુ એના હિતની જો કોઈ ચિંતા જ નથી તો ત્યાં મૈત્રીભાવ નથી અને વ્યક્તિ સાથેનો વ્યવહાર ભલે કઠોર છે પણ ત્યાં જો એના હિતની બુદ્ધિ અકબંધ છે તો મૈત્રીભાવ જીવંત હોવામાં કોઈ જ શંકા નથી.

એક વાત કહું તને ?

સામી વ્યક્તિના તારા સાથેના વ્યવહારને તું આ ગણિતના આધારે મૂલવતો જજે. મનની સ્વસ્થતા ટકી રહેવામાં કોઈ જ તકલીફ નહીં પડે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



રાહુલ,

બહિર્જગતમાં શ્રીમંતની, વધુ શ્રીમંતની, અતિ શ્રીમંતની માન્યતા કોને મળતી જાય છે એ તારા ખ્યાલમાં છે ? જેની પાસે ૧૦,૦૦,૦૦૦ છે એ જો શ્રીમંત છે, ૧,૦૦,૦૦,૦૦૦ છે એ જો વધુ શ્રીમંત છે તો ૧૦,૦૦,૦૦,૦૦૦ છે એ અતિ શ્રીમંત છે. આનો અર્થ ? આ જ કે એકડો [૧] તો એનો એ જ રહે પરંતુ એની પાછળ મીંડા [૦] જેટલા વધુ મુકાતા જાય, માણસ એટલો મોટો શ્રીમંત ગણાતો જાય.

પણ સબુર !

અધ્યાત્મ જગતની શ્રીમંતાઈનું ગણિત અલગ છે. અહીં સત્કાર્યસેવન એ જો એકડો [૧] છે તો સત્કાર્યોની અનુમોદના એ મીંડા [૦] છે. તું અનુમોદના જેટલી વધુ ને વધુ કરતો જા, અધ્યાત્મ જગતનો તું વધુ ને વધુ મોટો શ્રીમંત બનતો જાય. ઇચ્છું છું હું કે અધ્યાત્મજગતની આ ઠાઠવાળી શ્રીમંતાઈનો તું માલિક બનીને જ રહે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

મેહુલ,

તેજીના સમયમાં આવક જેમ જેમ વધતી જાય છે, માણસ એને બેન્કમાં જમા કરાવતો રહે છે. એક જ ખ્યાલે કે જમા થયેલ પૈસા ગમે ત્યારે કામ લાગશે.

એક વાત કહું તને? તારા પ્રત્યે જેને પણ પ્રેમ છે, સ્નેહ છે, લાગણી છે અને સદ્ભાવ છે, એના તરફથી તને જે પણ સલાહો મળતી રહે એ તમામ સલાહોને તું મનની બેન્કમાં જમા કરતો જ રહેજે, આજે એ સલાહો તને ન ગમતી હોય તો પણ અને આજે એ સલાહો તને કામની ન હોય તો પણ। કારણ?

આવતી કાલ કેવી આવશે એની તને ખબર નથી. આજના સંયોગમાં જે સલાહ તને કામની નથી, બની શકે કે આવતી કાલે આવતી કટોકટીમાં એ સલાહ જ તને કામ લાગે. સંપત્તિ જો કોઈ પણ અવસ્થામાં કામની છે તો સારી સલાહો કોઈ પણ સંયોગમાં કામ લાગવાની જ છે.

છ: રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



નેહલ,

અધ્યાત્મ જગતની એક મોટામાં મોટી મુશ્કેલી તારા ખ્યાલમાં છે ખરી? જે પણ સાધક આ જગતમાં પ્રવેશ કરવા માગે છે એ સાધક મનને મૂકી દઈને ય પ્રવેશ કરી શકતો નથી તો મનનું માનતો રહીને ય પ્રવેશ કરી શકતો નથી. મનનું સાધક જો સાંભળતો જ નથી તો સાધનાનું હાર્દ એ સમજી શકતો નથી અને મનનું જો એ માનતો રહે છે તો સાધનાના નામે એ કંઈક ભળતું જ કરી બેસે છે.

કહેવું હોય એક અપેક્ષાએ તો એમ કહી શકાય કે મનનું પોત ગાડીના ઘોડા જેવું છે. તું જો એની ઉપેક્ષા જ કર્યા કરે છે તો એ તને જીવવા નથી દેતો અને તું જો એની બધી જ માગ પૂરી કરતો રહે છે તો એ તારા શરીર પર કપડાં ય નથી રહેવા દેતો! એક જ વિકલ્પ છે. ઘોડા જેવા મનને સાચવી લેવું. સાધના દ્વારા સદ્ગુણોની મૂડી અર્જિત કરતા રહેવામાં અને ટકાવી રાખવામાં કોઈ જ તકલીફ નહીં પડે.

છ: રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



પ્રેમલ,

ભિખારીએ પહેરેલ ખમીસમાં તને કાણાંઓ જોવા મળ્યા હશે, એણે પહેરેલ બેકાર પેન્ટમાં કે ચડ્ડીમાં ય તને કાણાંઓ જોવા મળ્યા હશે પણ ખમીસના, પેન્ટના કે ચડ્ડીના ખીસામાં તેં ક્યારેય કાણાંઓ જોયા ખરા? ના.

બસ, આ જ ગણિત સમજી રાખવાનું છે અધ્યાત્મના જગતમાં. આપણી સાધના કચાશવાળી ચાલે, આપણું દાન માયકાંગલું ચાલે, આપણી તપશ્ચર્યા મોળી ચાલે, આપણી ધર્મક્રિયાઓ નબળી ચાલે પણ સાધના પ્રત્યેની આપણી શ્રદ્ધા? એ તો જ્વલંત જ જોઈએ.

જો શ્રદ્ધા જ છિદ્રવાળી હોય અને બાકીની બધી જ સાધનાઓ અખંડ હોય તો ય એ સાધનાઓ આત્મા માટે લાભદાયી કે હિતકારક બની રહે એવી કોઈ જ સંભાવના નથી. સાવધાન!

છ: રત્નસુંદરસૂરિના
ધર્મલાભ



શીતલ,

'માગેલું બધું ય મને મળવાનું નથી જ' અને 'અત્યારે મારી પાસે જે કાંઈ છે એ બધું ય મારું માગેલું નથી જ.' મનને સદાબહાર પ્રસન્ન રાખવા માટે આ વાસ્તવિકતાને સતત આંખ સામે રાખવાની જરૂર છે તારે પણ અને મારે પણ.

આ વાસ્તવિકતાના સ્વીકારમાં બે વાત બનશે. સમ્યક્ પુરુષાર્થ છતાં અપેક્ષિત વસ્તુઓ નહીં મળે ત્યારે મન કર્મના ઉદયને આંખ સામે રાખીને સ્વસ્થ રહી શકશે અને અનિચ્છાએ જે પણ સંયોગો જીવનમાં ઊભા થયા હશે, જે પણ વસ્તુઓ પ્રાપ્ત થઈ હશે, જે પણ સ્વજનો મળ્યા હશે એ તમામના સ્વીકાર માટે મન તૈયાર થઈને જ રહેશે.

આખરે અસમાધિ છે શું? અસ્વીકાર એ જ અસમાધિ છે. આખરે સમાધિ છે શું? સ્વીકાર એ જ સમાધિ છે.

છ: રત્નસુંદરસૂરિના ધર્મલાભ

જિનલ,

વરસાદ ધોધમાર વરસ્યો હોય, નદીમાં ભારે પૂર આવવાની સંભાવના ઊભી થઈ ગઈ હોય, એ પૂરથી વિનાશ વેરાવાની શક્યતા પણ ઊભી થઈ ગઈ હોય, ત્યારે એ વિનાશથી શહેરને અને લોકોને ઉગારી લેવા ડેમના દરવાજા ખોલી દેવામાં આવે છે. એ દરવાજાઓ વાટે પૂરનું પાણી સલામત રીતે વહેતું થઈ જાય છે અને વિનાશ વેરાતો અટકી જાય છે.

મનમાં ઉદ્ભવેલ ક્રોધ વિનાશ વેરીને જ રહેશે એવું લાગે ત્યારે આપણે એક જ કામ કરવા જેવું છે. હૃદયમાં પ્રેમના, સ્નેહના, લાગણીના જેટલા પણ દરવાજાઓ હોય એ બધા જ દરવાજાઓ ખોલી નાખવાનું. જેણે પણ આ સમયસૂચકતા દાખવી છે એણે પોતાના જીવનને તો વિનાશથી ઉગારી જ લીધું છે પરંતુ બીજા અનેકનાં જીવનને પણ વિનાશથી ઉગારી લીધા છે. એક કામ કરશું? ક્રોધના પૂર વિના ય હૃદયના દરવાજાઓ ખુલ્લા જ રાખીએ. જીવન જીતી જશું.

દ.. રત્નસુંદરસૂરિ
ધર્મલાભ



મિરલ,

ટ્રેનને ગતિ વધારવાની છૂટ છે, વચ્ચે ક્યાંક અટકવું હોય તો અટકવાની ય છૂટ છે, પાટા બદલવા હોય તો બદલવાની ય છૂટ છે પરંતુ પાટા પરથી નીચે ઊતરી જવાની છૂટ નથી. ભૂલેચૂકે ટ્રેન જો પાટા પરથી નીચે ઊતરી જાય છે તો અન્ય કોઈ હોનારત કદાચ નથી પણ સર્જાતી તો ય મંજિલે પહોંચવાનું તો એનું અટકી જ જાય છે.

જીવનની બાબતમાં પણ આ જ વાસ્તવિકતા છે. ક્યાંક સફળતા માટે ગતિ વધારવી પણ પડે છે તો ક્યારેક વધુ નુકસાનીમાંથી ઊગરી જવા સંપૂર્ણ નિષ્ક્રિય પણ બની જવું પડે છે. ક્યાંક સમાધિ ટકાવી રાખવા વ્યવસ્થા બદલવી પણ પડે છે તો ક્યાંક સંબંધોમાં સ્થિરતા લાવવા કઠોરતા પણ દાખવવી પડે છે. પણ નૈતિકતાના અને ધાર્મિકતાના પાટા પર જ જીવનની ટ્રેનને દોડતી રાખવાની બાબતમાં તો કોઈ જ બાંધછોડ કરવી પરવડે તેમ નથી.

દ.. રત્નસુંદરસૂરિ
ધર્મલાભ



હીરલ,

શરીરમાં પ્રસાર થઈ ગયેલ રોગની માત્રા ભલે ને ગમે તેટલી ભયજનક સપાટી વટાવી ગઈ છે પરંતુ શરીર જ્યાં સુધી દવાને સ્વીકારતું રહ્યું છે ત્યાં સુધી બચી જવાની સંભાવના પૂરેપૂરી છે.

જીવનમાં પ્રવેશી ગયેલાં પાપો કે વ્યસનો, વચનમાં ઘર કરી ગયેલ કઠોરતા કે કર્કશતા, મનમાં ઘર કરી ગયેલ દોષો કે દુર્ભાવો ભલે ને ભયજનક સપાટી વટાવી ગયા છે; પરંતુ અંતઃકરણ જો પ્રભુના, ગુરુદેવના, સ્વજનના કે મિત્રના એના હિત માટેનાં વચનો સ્વીકારવા તૈયાર છે, એ સહુનાં એ વચનો સાંભળતા મન જો પ્રસન્નતા અનુભવી રહ્યું છે તો એ પાપો, વ્યસનો અને દોષોથી જીવનને અને મનને બચાવી લેવામાં, ઉગારી લેવામાં સફળતા મળવાની સંભાવના પૂરેપૂરી છે.

બાકી, દવાનો અસ્વીકાર જો શરીરના મોતને નજીક લાવી દે છે તો હિતકારી વચનોનો અસ્વીકાર આત્માની દુર્ગતિને નજીક લાવી દે છે. સાવધાન!

દ.. રત્નસુંદરસૂરિ
ધર્મલાભ



વિરલ,

ખડકમાંથી ઈમારત બનાવી દેવામાં હજી કદાચ સફળતા મળી જાય પણ બની ગયેલ એ ઈમારતને સુદીર્ઘ સમય સુધી ટકાવી રાખવામાં સફળતા મળે એ સંભાવના જ ક્યાં છે?

સરી ગયેલ હલકો પણ કાગળ પવનના સહારે શિખર પર પહોંચી જવામાં કદાચ સફળ બની જાય પણ લાંબા સમય સુધી એ શિખર પર ટકી રહેવામાં એને સફળતા મળે એ સંભાવના જ ક્યાં છે?

એટલું જ કહીશ તને કે પુણ્યકર્મના પ્રભાવે આ જીવનમાં તને જે પણ મળ્યું છે એનો શક્ય એટલો સદુપયોગ તું કરતો જ રહેજે. આજે તારી પાસે જે છે, આવતી કાલે તારી પાસે એ ન પણ હોય. અને, અત્યારે તારી પાસે જે છે એ પછીની પળે ન પણ હોય. પસ્તાવું ન હોય તો સદુપયોગનું પરાક્રમ અત્યારથી જ કરતો રહેજે. દ..

રત્નસુંદરસૂરિ
ધર્મલાભ

નીતિન,

જિંદગીના વરસોના વરસો પૈસા કમાવામાં તેં ખરચી નાખ્યા છે ને? હવે એક કામ કર. નક્કી કરી દે તું કે એક વરસ તો મારે ઓછામાં ઓછું પ્રસન્નતા કમાવામાં ખરચવું જ છે. મારી પ્રસન્નતા મારે ટકાવવી પણ છે અને સામાને પ્રસન્નતા મારે આપવી પણ છે.

આ લક્ષ્ય નક્કી કરીને જીવન જીવવાનું શરૂ કર્યા પછી તારા જીવનમાં જે ચમત્કારી અસરો એ તારી કલ્પના બહારના હશે. નબળા શબ્દો સાંભળવા છતાં તું ક્રોધ નહીં કરી શકે કે ઉપેક્ષા થઈ રહ્યાનો ખ્યાલ આવ્યા છતાં સામા પર તું આક્રમક નહીં બની શકે. રિક્ષાવાળાને બે-પાંચ રૂપિયા વધારાના આપી દેતાં તને કોઈ રોકી નહીં શકે કે મામૂલી તકલીફોમાં તું તારા મનને દુર્ધ્યાનગ્રસ્ત બનાવી નહીં શકે.

શું કહું? પૈસાની કમાણીએ તને જેટલી પ્રસન્નતા અર્પી હશે એના કરતાં અનેકગણી પ્રસન્નતા તું રોજ અનુભવી શકીશ.

દા. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



કીર્તન,

વિજ્ઞાન જગતને બચાવી લેશે એવી કોઈ જ શક્યતા ન હોવા છતાં માની લઈએ કે જગતને બચાવી લેવામાં વિજ્ઞાનને સફળતા મળી પણ ગઈ તોય હાલરડા જેવો પ્રશ્ન એ છે કે જગતનું સંચાલન કરવાનું જે માણસના હાથમાં છે એ માણસના મનને ધર્મ સિવાય બીજું કોણ સુધારી શકવાનું છે?

સાચું કહું?

જો ધર્મનું શરણ સ્વીકારી લઈને માણસ પોતાના મનને સુધારી લેશે તો જ એ પાવન મન દ્વારા માણસ વિજ્ઞાનનો ઉપયોગ જગતને બચાવી લેવા કરતો રહેશે. બાકી, મનને સુધાર્યા વિના માણસ સીધો જ જો વિજ્ઞાનના શરણે ચાલ્યો ગયો તો વિજ્ઞાનનો ઉપયોગ જગતને ખેદાન-મેદાન કરી નાખવામાં જ એ કરતો રહેશે. એમાં કોઈ જ શંકા નથી. નંબર એક પર ધર્મ. બાકીનું બધું જ પછીના નંબરો પર!

દા. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નર્તન,

બની શકે કે પ્રતિકૂળ સંયોગોના કારણે કે સામગ્રીઓની અલ્પતાના કારણે આપણી પાસે ક્રિયાસ્વાતંત્ર્ય ન પણ હોય અને એના કારણે પરિણામસ્વાતંત્ર્ય પણ આપણા હાથમાં ન હોય પણ કબૂલ! ઈચ્છાસ્વાતંત્ર્ય તો આપણી પાસે કોઈ પણ પળે ઉપલબ્ધ હોય જ છે!

એટલું કહી શકવાની સ્થિતિમાં આપણે છીએ ખરા કે ઈચ્છાસ્વાતંત્ર્યના આપણને મળેલ સદ્ભાગ્યનો આપણે સદુપયોગ જ કરતા રહીએ છીએ? દુરુપયોગ નથી જ કરતા?

જો ના, તો એટલું જ કહીશ કે આવતીકાલે આપણને કદાચ ક્રિયાસ્વાતંત્ર્ય મળી પણ જશે તોય આપણે એનો દુરુપયોગ જ કરવાના છીએ! દુષ્કાળમાં મળતું પાવલું પાણી પણ જે વેડફી નાખતો હોય એ બાલદી પાણીનો સદુપયોગ કરશે? રામ રામ કરો, રામ રામ!

દા. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



તર્પણ,

ઈમારત ભલે ને ગમે તેટલી તોતિંગ છે, એ ભૂમિનિષ્ઠ ન હોય એ સંભવિત જ નથી. અરે, કહેવું હોય તો એમ કહી શકાય કે ઈમારત જેટલી તોતિંગ હોય છે, એટલી જ એ વધુ ને વધુ ભૂમિનિષ્ઠ હોય છે.

પ્રશ્ન એ નથી કે આપણી સમજણની ઈમારત નાની છે કે મોટી છે? ટૂંકી છે કે તોતિંગ છે? પ્રશ્ન એ છે કે સમજણની આપણી ઈમારત જીવનનિષ્ઠ છે કે નહીં? જેટલી પણ સમજણ આપણી પાસે છે એ જો જીવનને સ્પર્શતી જ નથી, જીવનમાં જો એનો કોઈ અમલ જ નથી તો નિશ્ચિત સમજી રાખવું કે સમજણની આ ઈમારતનો પાયો દંભનો જ બનેલો છે અને દંભના પાયા પર ઊભી થતી સમજણની ઈમારતનું એક જ ભાવિ હોય છે, એ સમજણની ઈમારતમાં વસનારની દુર્ગતિ! સાવધાન!

દા. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

દર્પણ,

મંઝિલે પહોંચવાની તને ભલે ને ગમે તેટલી ઉતાવળ છે અને ગાડી તારી તેજ ગતિથી ભાગવા સક્ષમ પણ ભલેને છે પણ તોય પેટ્રોલ પંપ પાસે તો તારે ગાડી ઊભી રાખવી જ પડે છે. ક્યાંય તું જો ગાડી ઊભી રાખવા તૈયાર નથી તો તારી ગાડી મંઝિલે તો નથી જ પહોંચી શકતી પણ કદાચ આગળ પણ વધી નથી શકતી.

ધર્મના સ્થાનો તો જીવનની ગાડી માટે પેટ્રોલપંપના છે એ સત્ય તું ક્યારેય ભૂલીશ નહીં. બજારમાં તેજી ગમે તેટલી ભલે હોય, કાર્યોની વ્યસ્તતા તારે ગમે તેટલી ભલે હોય, સમયની તારે ગમે તેટલી ખેંચ હોય, ધર્મસ્થાનોના પેટ્રોલપંપો પાસે જીવનની ગાડીને ઊભી રાખવાનું ડહાપણ તારે કેળવી જ લેવું પડે. એ બાબતમાં તું જો બેવકૂફ રહ્યો તો નિશ્ચિત સમજી રાખજે કે તારા જીવનની ગાડી ગમે ત્યાં, ગમે ત્યારે અટકી જશે. ગમે ત્યાં ભટકાઈ જશે.

છે.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સ્વાર્પણ,

બાહ્ય દુશ્મનોને પરાજિત કરી દેવા માટે યુદ્ધના મેદાન પર પહોંચી જતા યુવકે 'સૈનિક' બની જઈને પોતાના દાદ માગી લે તેવા શૌર્યને દાવ પર લગાવી દેવું પડે છે; પરંતુ અંતર શત્રુઓને પરાજિત કરી દેવાના લક્ષ્ય સાથે સાધનાનાં મેદાન પર પહોંચી જતા સાધકે તો 'સેવક' બની જઈને પોતાના અહંકારને દાવ પર લગાડી દેવાનું જબરદસ્ત પરાક્રમ દાખવવું પડે છે.

શું કહું તને?

વિરાટ અનંતકાળમાં અનંત ભવો આપણે 'સૈનિક' તરીકેના પસાર કર્યા છે. બાહ્ય દુશ્મનોને ધૂળ ચાટતા કરી દેવામાં આપણને સફળતા મળી પણ છે પણ એમાં આત્માનું કશું જ ભલું વળ્યું નથી. આ એક જ ભવ જો આપણે 'સેવક' તરીકેનો પસાર કરી દઈએ તો આપણું ઠેકાણું પડી જાય તેમ છે. એ માટે તૈયાર થઈ જવું આપણે? છે..

રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ભવ્ય,

માની લે કે કર્મસત્તા આપણને કારણદર્શક નોટિસ આપે કે 'મેં તને આપેલ સંપત્તિને જો તું વિલાસમાં જ વેડફી રહ્યો છે, મેં તને આપેલ જીવનને જો તું પાપોમાં જ વ્યસ્ત રાખી રહ્યો છે, મેં તને આપેલ મનને તું જો દુર્વિચારોમાં જ વ્યસ્ત રાખી રહ્યો છે, મેં તને આપેલ શક્તિઓને તું જો અન્યોને પીડા આપવામાં જ વાપરી રહ્યો છે તો આ બધી જ ચીજો ભવાંતરમાં મારે તને પુનઃ શા માટે આપવી? શા માટે તારી પાસેથી આ બધી ચીજો મારે આંચકી ન લેવી?'

તો કર્મસત્તા તરફથી મળતી આ કારણદર્શક નોટિસનો જવાબ આપણે શું આપીએ? આપણો જવાબ વાંચીને કર્મસત્તાને 'આવી નોટિસ મોકલવાની ભૂલ મેં ક્યાં કરી?' એવી જ લાગણી થાય એ નક્કી ખરું? ભવિષ્યમાં ક્યારેય એ આવી નોટિસ આપણને આપવાની હિંમત ન જ કરે એ નક્કી ખરું?

છે.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સૌમ્ય,

સૂર્યની એક કમાલની ઉદારતા તારા ખ્યાલમાં છે? ઘરના ઓરડામાં પોતાનાં કિરણોને પ્રવેશ કરાવતા પહેલાં એણે ક્યારેય આ શરત નથી મૂકી કે 'ઓરડો સાફ હશે તો જ મારા કિરણો એમાં પ્રવેશ કરશે.' ના. ઓરડાનો દરવાજો આપણે ખોલ્યો નથી અને સૂર્યનાં કિરણોએ ઓરડામાં પ્રવેશ કરી દઈને ઓરડાને પ્રકાશિત કરી દીધો નથી!

પ્રભુએ ક્યાં આપણી સમક્ષ શરત મૂકી છે કે તું તારા મનના ઓરડાને દુર્ગુણોથી મુક્ત કરી દે તો જ હું તારા પર કરુણા વરસાવું! ના, એમણે તો એક જ અપેક્ષા રાખી છે કે આપણે આપણાં મનને કમસે કમ ખૂલ્લું તો રાખીએ જ! ન ત્યાં પૂર્વગ્રહ હોય કે ન ત્યાં કદાગ્રહ હોય! જેવું મન ખૂલ્લું કર્યું આપણે, પ્રભુની કરુણાએ મનમાં પ્રવેશ કરીને એને પુરેપૂરું ભીંજવી દેવામાં કોઈ જ કસર છોડી નથી!

છે.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

ધ્રુવ,

ઘરમાં દાખલ થઈ જઈને સૂર્યપ્રકાશ જેમ અંધકારને દૂર કરી જ દે છે, આગના સંપર્કમાં આવતાની સાથે જ મીણનું ઓગળવાનું જેમ ચાલુ થઈ જાય છે તેમ પ્રભુ પણ હૃદયમાં પ્રવેશ કરીને અનંત અનંતકાળથી આત્મઘરમાં વ્યાપેલા દોષોનો ખાત્મો બોલાવીને જ રહે છે.

હૃદયમાં પ્રભુપ્રવેશનો આ મહાન લાભ હોવા છતાં એ માટે આપણે જોઈએ તેવા ઉલ્લસિત કેમ નથી એ સમજાતું નથી. જે દોષોએ આપણને દુઃખ, દુર્ગતિ અને દુર્બુદ્ધિ સિવાય બીજા કશાયની ભેટ ધરી નથી, જે દોષોએ આપણને દુર્ભાવમાં અને દુર્ધ્યાનમાં વ્યસ્ત રાખવા સિવાય બીજું કશું ય કર્યું નથી એ દોષો હૃદયમાં પ્રભુપ્રવેશ કરાવી દેવા મગથી રવાના થઈ જવા તૈયાર છે અને છતાં આપણે હૃદયમાં પ્રભુપ્રવેશ કરાવવો કે નહીં એના વિચારમાં છીએ! પાગલતાની પરાકાષ્ઠા જ છે ને?

છ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સત્ય,

'પ્રભુમાં મારું ધ્યાન ક્યારે લાગશે?' આ ફરિયાદ ભક્તની હોઈ શકે છે. 'ક્રિયામાં મારું ધ્યાન ક્યારે લાગશે?' આ ફરિયાદ સાધકની હોઈ શકે છે. 'સ્વાધ્યાયમાં મારું ધ્યાન લાગશે ક્યારે?' આ ફરિયાદ સ્વાધ્યાયપ્રેમીની હોઈ શકે છે; પરંતુ અહંની તો એક જ ફરિયાદ હોય છે. 'બધાયનું ધ્યાન મારામાં ક્યારે લાગશે?'

અને સત્ય હકીકત એ છે કે જેને કેવળ પોતાનામાં જ રસ હોય છે એનામાં રસ લેવાનું મન કોઈનેય થતું નથી. જોવું હોય તો જોઈ લેજે. તમને સંતુષ્ટ ભક્ત, સાધક કે જ્ઞાની જોવા મળશે પણ સંતુષ્ટ અભિમાની તો ક્યારેય જોવા નહીં મળે! કેમ કે એના અભિમાનને સંતોષી શકે એટલા શબ્દોનો જગતમાં કાયમ માટે દુષ્કાળ જ વર્તાતો હોય છે! આપણો નંબર આવા અભિમાનીમાં તો નથી ને?

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



રમ્ય,

જીવનમાં એક વાત સદાય આંખ સામે રાખજે કે સામાને બદલી નાખવામાં સફળતા નથી તો તને મળવાની કે નથી તો મને મળવાની. હા. સફળતા એક જ ક્ષેત્રમાં મળી શકે તેમ છે, જાતને બદલી નાખવામાં. અલબત્ત, એ ય સરળ તો નથી જ. પુરુષાર્થ પ્રચંડ હોય, સત્ત્વ ફોરવવાની તૈયારી પૂરેપૂરી હોય, અન્યાય-અપમાન-અવગણનાની ત્રિપુટીને ઘોળીને પી જવાનું સામર્થ્ય હોય તો જ એ ક્ષેત્રમાં ધારી સફળતા મળી શકે તેમ છે.

અને, સાચું કહું?

ટૂંકું જીવન, સંખ્યાબંધ દોષો, નબળું પુણ્ય, નિર્બળ મન આવા નબળા પાસા સાથે જીવાતા જીવનમાં જાતને બદલી નાખવા સિવાયનો બીજો કોઈ જ પુરુષાર્થ મારે કે તારે કરવા જેવો નથી.

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સંવેગ,

ચણા-મમરા જેવાં તુચ્છ દ્રવ્યો મેળવવા માટે સોનાની લગડી આપી દેવાનું પરાક્રમ [?] આજ સુધી ભલે કોઈએ પણ દાખવ્યું નહીં હોય પરંતુ સંસારના નિરસ અને વિરસ પદાર્થો કે જે ચણા-મમરા કરતા ય તુચ્છ છે એને મેળવવા સોનાની લગડી જેવા અંતઃકરણને કલુષિત કરતા રહેવાની બેવકૂફી તો આપણે જનમજનમથી કરતા આવ્યા છીએ અને એ બેવકૂફી કદાચ આજે પણ આપણી ચાલુ જ છે.

પરિણામ આનું ખ્યાલમાં છે?

સંસારના પદાર્થો તો કોઈ પણ ગતિના કોઈ પણ ભવમાં ઓછા-વત્તા અંશે મળી જ જવાના છે પણ આત્માને પરમાત્મા બનાવી દેવાની તાકાત ધરાવતું જે અંતઃકરણ આ જનમમાં આપણને મળ્યું છે એ અંતઃકરણ આપણા હાથમાંથી કદાચ અનંતકાળ માટે દૂર થઈ જવાનું છે. સાવધાન!

છ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

ધૈર્ય,

જેના પણ જીવનમાં આડું કંઈક કરતા રહેવાનો નિયમ નથી અને નબળાથી બચતા રહેવાનો કોઈ સંયમ નથી એના જીવનમાં શું બચે છે એ જાણવું છે તારે ? નિયમ શબ્દમાંથી 'નિ' કાઢી નાખ પછી બચે શું ? યમ. સંયમ શબ્દમાંથી 'સં' કાઢી નાખ પછી બચે શું ? યમ. આનો અર્થ ?

આ જ કે જે જીવન નિયમ અને સંયમથી રહિત છે એ જીવન 'મોત'ના હવાલે જ છે. એ જીવન ઉંમરના હિસાબથી ભલે કદાચ ૮૦|૯૦ કે ૧૦૦ વરસ ચાલી પણ જતું હોય પણ શીલ-સદાચાર-સંસ્કાર-પવિત્રતા-મર્યાદા વગેરેના ક્ષેત્રે તો સમાપ્ત થઈ જ ચૂક્યું હોય છે.

એટલું જ કહીશ તને કે **જીવન પુષ્પ જેવું ટૂંકું ભલે હોય, નિયમ-સંયમથી યુક્ત હોવું જ જોઈએ. એનાથી રહિત જીવન કદક જેવું લાંબુ હોય તોય જીવવા લાયક નથી.**

હ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



હેરાક,

જગતનો એકાદમાં એકાદ જ્યોતિષી પણ ક્યારેક તો પોતાની પાસે પોતાના ભાવિને જાણવા આવેલ વ્યક્તિ માટે દુઃખની આગાહી કરી બેસતો હોય છે પણ મન ? એ એક એવો જ્યોતિષી છે કે જે કાયમ માટે સુખનું જ આશ્વાસન આપ્યા કરે છે.

ભૂતકાળના અનંત ભવો ભલે ભૂલી જઈએ પણ વર્તમાન ભવના ભૂતકાળને ય આપણે જો આંખ સામે રાખીએ ને તોય આપણને ખ્યાલ આવી જાય તેમ છે કે સંસારના બજારમાં આપણે ખરીદવા ભલે સુખ જ ગયા હતા પણ લમણે દુઃખો સિવાય બીજું કશું જ ઝીંકાયું નથી.

આ જ આપણો જો કડુ અનુભવ છે તો મારે એટલું જ કહેવું છે કે **ભાવિ જાણવા મનની સલાહ ન લેતા મહાવીરની સલાહ જ આપણે લઈએ અને એ સલાહના આધારે જ જીવન જીવીએ. ભાવિ આપણું ઉજ્જવળતમ બનીને જ રહેશે.**

હ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ધ્યાન,

એક જ ઈંટ મકાનને ઊભું કરી શકતી નથી પણ ભૂકંપનો એક જ આંચકો તોતિંગ મકાનને ગણતરીની પળોમાં ધરાશાયી કરી નાખે છે. પાણીનું એક જ ટીપું બીજને અંકુરિત કરી શકતું નથી પણ એક જ વખતનું પૂર પાકથી લહેરાતા ખેતરને પળભરમાં સાફ કરી નાખે છે. એક જ વખતનું પ્રભુદર્શન આત્મામાં ઉપાસનાના સંસ્કારો ઊભું કરતું નથી પણ એક જ વખતનું વિજાતીય દર્શન આત્મામાં વાસનાના સંસ્કારોનો જાણે કે મહાસાગર લહેરાવી દે છે.

આ વાસ્તવિકતા એટલું જ કહે છે કે **અપાર શ્રમ પછી પણ સર્જન શક્ય બનશે કે કેમ એમાં શંકા છે જ્યારે વિધ્વંસ તો વગર શ્રમે પણ થઈને જ રહેવાનો છે.** સર્જનમાં જો તને રસ હોય તો વિધ્વંસક પરિબળોના પડછાયાથી પણ જાતને તું દૂર જ રાખજે.

હ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વૈભવ,

કેટલા બધા મૂરખ બની રહ્યા છીએ આપણે ? માગ્યા વિના બધું જ આપી દેવાની જે પરમાત્મામાં તાકાત છે એ પરમાત્મા પ્રત્યે અનુરાગ કેળવવા આપણે તૈયાર નથી અને રડી રડીને આંખો સૂજી ગયા પછી ય જે સંસારી વ્યક્તિઓમાં આપણું ઇચ્છિત આપી દેવાની તાકાત નથી એ સંસારી વ્યક્તિઓ પ્રત્યેના રાગને ઘટાડવા આપણે તૈયાર નથી !

યાદ રાખજે, **અત્યારે આપણે રાગથી મુક્ત થવાનું નથી પણ રાગના પાત્રને, રાગના વિષયને જ આપણે બદલી નાખવાનો છે.** લગ્ન થઈ ગયા બાદ એક કન્યા પિયરિયા પરના રાગને જો સાસરિયા પરના રાગમાં રૂપાંતરિત કરી શકતી હોય તો જિંદગીના આટલા વરસોના કડુ અનુભવ પછી સંસારીઓ પ્રત્યેના રાગને પ્રભુ પ્રત્યેના અનુરાગમાં રૂપાંતરિત કરી દેવા આપણે તૈયાર કેમ ન થઈ જઈએ ?

હ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

સુહૃત,

લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા જવાની વાત સંસારજગત કરે છે પરંતુ અધ્યાત્મજગત તો એમ કહે છે કે લક્ષ્મી ચાંદલો કરવા ક્યારે આવશે, એની રાહ જોતા રહેવા કરતાં આપણા પોતાનાં કપાળને ચાંદલાને યોગ્ય બનાવતા રહેવું એ વધુ હિતાવહ છે.

આનો અર્થ ?

આ જ કે જીવનમાં 'પ્રાપ્તિ'ની ચિંતા એટલી ન કરો, જેટલી ચિંતા પાત્રતાને વિકસિત કરવાની કરો. વરસાદ ધોધમાર વરસી પણ જાય પણ વરસાદના એ પાણીને ટકાવી શકે એવો ખાડો જ જો ઉપલબ્ધ ન હોય તો? પાણી વેડફાઈ જાય, વ્યર્થ જાય!

પ્રભુની કરુણા અને ગુરુદેવની કૃપા તો વરસી જ રહી છે. જે ગરબડ છે એ આપણી પાત્રતામાં છે. ત્યાં સુધારો કરી લેશું ?

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વિશાલ,

કુશળ તરવૈયાની કુશળતાની કસોટી ક્યારેય છીછરા પાણીમાં થતી નથી, ઊંડા પાણીમાં જ થાય છે. પ્રભુના 'કરુણાસાગર' વિશેષણ પરની આપણી શ્રદ્ધાની ખરી કસોટી સુખના સમયમાં તો નથી થતી પણ મામૂલી દુઃખના સમયમાં પણ નથી થતી. જે પણ કસોટી થાય છે એ જાલિમ દુઃખોમાં જ થાય છે.

જે સ્વજનોને દિલથી ચાહ્યા હોય, એ સ્વજનો જ બેવફા બને.. જે શરીરને ખૂબ કાળજીપૂર્વક સાચવ્યું હોય, એ શરીર જ અસાધ્ય રોગથી ગ્રસ્ત બની જાય.. જબરદસ્ત વિશ્વાસ રાખીને જે મિત્રને લાખો રૂપિયા ધીર્યા હોય, એ મિત્ર બધા જ પૈસા ચાંઉં કરી જાય અને એવા સમયે પણ 'પ્રભુ મારા પર મન મૂકીને કરુણા વરસાવી જ રહ્યા છે' એ શ્રદ્ધાના સ્વામી બન્યા રહેવું એ શ્રદ્ધાના સ્વામી બન્યા રહેવું એ બચ્ચાનાં ખેલ તો નથી જ. આપણે એ શ્રદ્ધાના સ્વામી ખરા ?

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



નીશાળ,

વિચારને બદલી નાખવામાં સફળતા મેળવવી એ કોઈ બહુ મોટો પડકાર નથી પરંતુ વિચારધારાને બદલી નાખવામાં સફળતા મેળવવી એ બહુ મોટો અને મોટો પડકાર છે.

મનમાં પાપનો વિચાર ચાલતો હોય અને આંખ સામે મંદિરની ધજા દેખાઈ જતાં મનમાં પરમાત્માના વિચાર આવવાના ચાલુ થઈ જાય એમાં કોઈ નવાઈ નથી; પરંતુ ઘરમાં જમવા બેઠા હોઈએ કે બજારમાં પૈસા કમાવા ગયા હોઈએ ત્યારેય મનમાં પરમાત્માના વિચારો જ ચાલતા હોય તો સમજી લેવું કે આપણી વિચારધારા જ નિર્મળ બનવા લાગી છે કે જે આપણાં ઉજ્જવળ ભાવિની સૂચક છે.

એટલું જ કહીશ કે મન જો અત્યારે અશુભ વિચારધારાથી ગ્રસ્ત હોવાનું અનુભવાતું હોય તો એમાં ગાબડું પાડીને ય શુભ વિચારોને એમાં પ્રવેશ આપતો રહે. શક્ય છે કે સમય જતા મન શુભ વિચારધારાથી વ્યાપ્ત બની રહે.

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



વિશાળ,

આત્મકલ્યાણના માર્ગે આગળ વધવા માટેના બે રસ્તાઓમાંનો એક રસ્તો છે નિષેધાત્મક અને બીજો રસ્તો છે વિધેયાત્મક. મારા જીવનમાં થયેલાં અને થઈ રહેલાં પાપોની ડાયરી હું રાખતો રહું એ રસ્તો છે નિષેધાત્મક જ્યારે મારા એ તમામ પાપોને માફ કરી દેતી પ્રભુની અનંત કરુણાને હું સ્મૃતિપથ પર રાખતો રહું એ રસ્તો છે વિધેયાત્મક.

નિષેધાત્મક રસ્તે મંજિલે પહોંચી જવા માટે મારે સતત કરતા રહેવી પડે છે આત્મનિંદા અને આત્મગર્હા અને વિધેયાત્મક રસ્તે મંજિલે પહોંચી જવા માટે સતત વધારતા રહેવો પડે છે પ્રભુ પ્રત્યેનો અનુરાગ.

મારો ખુદનો અનુભવ એ છે કે નિષેધાત્મક રસ્તા કરતા વિધેયાત્મક રસ્તા પર મન હળવાશ વધુ અનુભવે છે. તને જે પણ રસ્તો પસંદ પડે તે, પણ કદમ માંડવાનું ચાલુ તો કરી જ દેજે.

લિ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

નિશાન્ત,

કરોડપતિ ભિખારી બની જાય એને બાહ્યજગત કદાચ પતન માને છે તો ભિખારી કરોડપતિ બની જાય એને ઉત્થાન માને છે પરંતુ અધ્યાત્મ જગતમાં પતનની અને ઉત્થાનની વ્યાખ્યા અલગ જ છે.

પ્રલોભન મળતાં જ એ દિશા તરફ મનની ગતિ વધવા લાગે એને અધ્યાત્મજગતમાં એ પતનનું કલંક મળ્યું છે તો શુભનિમિત્તો મળતાં જ હૃદયનો ઉત્સાહ વધવા લાગે એને ઉત્થાનનું ગૌરવ મળ્યું છે.

એટલું જ કહીશ તને કે કર્મને આધીન એવા બાહ્ય જગતના પતન અને ઉત્થાનને જીવનમાં વધુ મહત્વ આપવાને બદલે પુરુષાર્થને આધીન એવા આભ્યન્તર જગતના પતન-ઉત્થાનને વધુ મહત્વ આપીને જાતને એ પતનથી દૂર રાખજે અને એ ઉત્થાનની દિશામાં કદમ માંડવાનું ચાલુ કરી દેજે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ઈશાન,

એક મજેની વાત તને કહું? વ્યવહારમાં એવું જોવા મળે છે કે બહુજનવર્ગ સારું કામ ખરાબ મુહૂર્તમાં કરવા તૈયાર હોતો જ નથી. હું તને એક સૂચન કરું છું. તું નક્કી કરી દે. કોઈ પણ ખરાબ કામ હું સારા મુહૂર્તમાં તો નહીં જ કરું!

યાત્રાએ જવા માટે તું સારું મુહૂર્ત જુએ જ છે ને? પિક્ચર જોવાનું મન થાય ત્યારે જ્યોતિષીને પૂછી લે કે સારું મુહૂર્ત તો નથી ને? જો એ એમ કહે કે અત્યારે મુહૂર્ત સારું છે તો પિક્ચર જોવા જવાનું મુલતવી રાખી દે.

ટૂંકમાં, સારું કામ જો ખરાબ મુહૂર્તે નહીં જ તો ખરાબ કામ સારા મુહૂર્તે પણ નહીં જ! એકાદ વખત આ પ્રયોગ તું કરી તો જો! ખરાબ કામોની સંખ્યામાં કડાકો બોલાયા વિના નહીં જ રહે એ નિશ્ચિત વાત છે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



મોક્ષાંત,

જગતના જીવો આપણને થોડા-ઘણાં પણ જો સારા રહ્યા છે તો એનાં ઘણાં કારણોમાંનું એક કારણ એ છે કે આપણા મનની અધમતાની એમને કોઈ જ જાણકારી નથી. ભૂલેચૂકે જો આપણા મનમાં સંઘરાયેલ ગંદવાડનો એમને ખ્યાલ આવી જાય તો શક્ય છે કે આજે ને આજે જ તેઓ આપણને ધિક્કારવા લાગે.

પણ સબૂર!

પરમ કરુણાના આગાર પરમાત્મા પાછળ આપણે જોઈએ તેવા પાગલપનના શિકાર નથી બની શક્યા એનું કારણ તારા ખ્યાલમાં છે ખરું? પ્રભુના હૃદયની ઉત્તમોત્તમતાની આપણને કોઈ જ જાણકારી નથી એ જ છે એનું મુખ્ય કારણ. જો એ જાણકારી આપણને થઈ જાય તો શક્ય છે કે અત્યારે ને અત્યારે જ આપણે પ્રભુને ચોંટીને બેસી જઈએ. જાતની અધમતા ઘટા-ડતા જઈએ, પ્રભુની ઉત્તમતા જાણતા રહીએ. કામ થઈ જશે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



જય,

મેદાન પણ તેં જોયું હશે અને ગુફા પણ તેં જોઈ હશે. ક્યારેક મેદાન વચ્ચે ઊભા રહીને પણ તેં બૂમ પાડી હશે તો ક્યારેક ગુફાની અંદર જઈને ય તેં શબ્દો ઉચ્ચાર્યા હશે. અનુભવ તારો આ જ રહ્યો હશે કે મેદાન વચ્ચે બોલાયેલ શબ્દો બીજાને જરૂર કદાચ સંભળાયા હશે પણ ગુફા વચ્ચે બોલાયેલ શબ્દો તો તારી પાસે જ પાછા આવ્યા હશે.

એટલું જ કહીશ કે જીવન તારું હોય કે મારું હોય, મન તારું હોય કે મારું હોય, એ મેદાન જેવું નથી, ગુફા જેવું જ છે. એ જીવનમાં જે પણ કરશું કે એ મનમાં જે પણ વિચારશું, એ બધું ય આપણી પાસે જ પાછું આવવાનું છે.

જવાબ આપ.

પોસ્ટના ડબ્બામાં નાખેલ પત્ર જો મને જ મળવાનો હોય તો એ પત્રમાં હું અપશબ્દો લખવાની બેવકૂફી ક્યારેય કરું ખરો?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ

વિજય,

શરીરની અશક્તિ ધર્મ કરવા દેતી નથી એ તો બરાબર ખ્યાલમાં છે પણ મનની આસક્તિ પાપ કરાવ્યા વિના રહેતી નથી એનો તને ખ્યાલ છે ખરો ?

યાદ રાખજે,

શરીરની અશક્તિ કરતાંય મનની આસક્તિ અનેકગણી ભયંકર છે. અશક્તિ કદાચ ઓછી થતી જ નથી તો એ જીવન સમાપ્ત કરી દે છે પરંતુ પછીના ભવમાં સાથે તો નથી જ આવતી પરંતુ આસક્તિ તો આત્માને દુર્ગતિમાં ધકેલી દઈને ત્યાંય સાથે જ આવે છે !

શું કહું ?

અશક્તિના સમયમાં પરમાત્મા ય બની શકાય છે જ્યારે આસક્તિની ઉપસ્થિતિમાં તો સજ્જનતા ટકાવી રાખવી પણ મુશ્કેલ બની જાય છે. તપાસતો રહેજે મનને. વધુ શું ખટકે છે ? અશક્તિ કે આસક્તિ ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



દુર્જય,

જગત એમ કહે છે કે જે માણસ શક્તિહીન છે એ નબળો છે; પરંતુ અધ્યાત્મ જગત એમ કહે છે કે જે માણસ નબળા આદર્શોને અનુસરે છે એ જ નબળો છે.

નબળા આદર્શોનો અર્થ તું એમ ન સમજી બેસતો કે જેણે પોતાના જીવનના આદર્શ તરીકે જીવનના તે તે ક્ષેત્રે નિષ્ફળ ગયેલા માણસોને રાખ્યા છે. ના, નબળા આદર્શોનો અર્થ એ છે કે જેણે પોતાના જીવનના આદર્શ તરીકે સફળ માણસોને જ રાખ્યા છે. પછી ભલે સફળતા મેળવવા એ સહુએ કનિષ્ઠમાં કનિષ્ઠ રસ્તાઓ અપનાવ્યા છે.

ટૂંકમાં, જેમણે પોતાની આંખ સામે માત્ર સફળતાની મંઝિલ જ રાખી છે, માર્ગની અશુદ્ધિ પ્રત્યે જેમણે આંખમીંચામણાં જ કર્યા છે એ બધા જ નબળા આદર્શો છે. ઇચ્છું છું કે આવા માણસમાં તારો નંબર ન જ હોય.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



સુજય,

જેનાં શરીર પરનાં કપડાં ગંદા છે, મેલા છે અને પાછા ફાટી ગયેલા છે એવા ભિખારીને કોઈ પણ અબજપતિ માણસ પોતાની ઑફિસમાં પ્રવેશ નથી જ આપતો ને ? પણ મનમાં વાસનાનો ગંદવાડ લઈને બેઠેલા અને સત્ત્વક્ષેત્રે સર્વથા ફાટી ગયેલા તથા આત્મા પર કર્મોનો કચરો સંઘરીને બેઠેલા આપણને પરમાત્માએ પોતાના હૃદયમાં પ્રવેશ આપી દીધો છે એ સાચે જ ચમત્કાર નથી લાગતો ?

શું કહું ?

આ એક જ વાસ્તવિકતા આપણને આનંદમાં તરબોળ કરી દેવા પર્યાપ્ત છે, હૃદયને આનંદના નશામાં ઝૂમતું કરી દેવા પર્યાપ્ત છે, મનને પ્રસન્નતાના આસમાનમાં ઊડતું કરી દેવા પર્યાપ્ત છે.

યાદ રાખજે, પ્રભુએ પોતાના હૃદયમાં તો આપણને પ્રવેશ આપી દીધો છે. હવે આપણા હૃદયમાં આપણે પ્રભુને પ્રવેશ આપી દેવાનો છે.

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ



ધનંજય,

જીવનમાં સફળ બનવું એ બહુ મોટી વાત નથી. મજબૂત સહારો પુણ્યનો, પુરુષાર્થ દિશાસૂચકનો અને ધીરજ અપાર. બસ, સફળતા તમારા ચરણોમાં.

પણ, પડકાર તો એ છે કે જીવનને સફળ કઈ રીતે બનાવવું ? જીવનમાં સફળતા તો પુણ્ય માર્ગે મળી જાય છે પરંતુ અનંતકાળે પ્રાપ્ત એવા માનવજીવનને સફળ બનાવવા માટે તો પ્રચંડ પુરુષાર્થ, મજબૂત સંકલ્પ, નિર્મળ શ્રદ્ધા અને શુભ નિષ્ઠા, આ ચંડાળ ચોકડીને હાથવગી રાખ્યા વિના ચાલે તેમ જ નથી. પણ સબૂર !

સંપત્તિ, સત્તા, ખ્યાતિ, પ્રતિષ્ઠા, કીર્તિ વગેરેનો સમાવેશ થાય છે જીવનમાં મળતી સફળતાઓમાં અને સદ્ગુણ, સમાધિ, શુદ્ધિ, શાંતિ, પ્રસન્નતા વગેરેનો સમાવેશ થાય છે જીવનને સફળ બનાવવામાં ! તારી ઇચ્છા શું છે ? જીવનમાં સફળતાઓ મળતી રહે એ કે જીવન સફળ બનતું રહે એ ?

દ. રત્નસુંદરસૂરિના ધર્મલાભ